સુવિચાર

માણસ જીવનમાં ગમે તેટલો મોટો વેપારી બની જાય પરંતુ, પોતાની તકલીફ વેંચી નથી શકતો, અને બીજાની શાંતિ ખરીદી નથી શકતો!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 227, Dt.08-07-2024 (Monday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧


# હિમાચલ-ઉતરાખંડ સહિત ૧૦ રાજયોમાં ભારે વરસાદઃ નદીઓ બે કાંઠે



દહેરાદૂન, તા.૮

હિમાચલપ્રદેશ, ઉતરાખંડ સહિત નવ રાજયોમાં વરસાદે કહેર મચાવ્યો છે. ૧૬ રાજયો માટે આઈએમડીએ એલર્ટ જાહેર કર્યું છે. પહાડી રાજયોમાં અનેક જગ્યાએ ભૂસ્ખલન અને અનેક સ્થળોએ માર્ગો ધસી જવાથી આવન-જાવન રોકાઈ ગઈ છે.

અનેક વિસ્તારોમાં નદીઓ બે કાંઠે વહે છે. આસામમાં પુરની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. હવામાન વિભાગે આગામી ચાર થી પાંચ દિવસ ઉતર પશ્ચિમથી લઈને પુર્વોતરના રાજયોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.

ઉતરાખંડમાં અનેક ભાગોમાં ભારે વરસાદ. ઉતરાખંડના અનેક ભાગોમાં વરસાદ ચાલુ છે. નદીઓ બે કાંઠે છે. ભૂસ્ખલનના કારણે કાટમાળ રસ્તા પર આવવાથી રાજયના મુખ્ય માર્ગો પર વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. હવામાન વિભાગે રાજયના અનેક ભાગોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે તેમજ આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરી છે.

**યુપી, બિહાર, ઉતરાખંડમાં ભારે વરસાદની આગાહીઃ મહારાષ્ટ્રના પાલઘરમાં પાણીમાં ફસાયેલા ૬૫ લોકોને બચાવાયા**

હિમાચલમાં ૪૧ માર્ગો બંધ. ભારે વરસાદ અને પુરના કારણે હિમાચલ પ્રદેશમાં ૪૧ માર્ગો પર આવન-જાવન બંધ છે. દરેક જગ્યાએ ભૂસ્ખલનથી કાટમાળ રસ્તા પર આવી ગયો છે. રવિવારે કુલુમાં ભૂસ્ખલનથી ગૌશાળા ધસી પડી હતી.

અનેક રાજયોની હાલત ખરાબઃ બિહારમાં ભારે વરસાદથી કોચી, મહાનંદા, બાગમતી, ગંડક સહિત અનેક નદીઓ ખતરાના નિશાન સુધી પહોંચી ગઈ છે. આસામમાં ૨૩ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. મહારાષ્ટ્રના પાલઘરમાં પુરમાં ફસાયેલા ૬૫ લોકોને સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.

દિલ્હીમાં વરસાદના કારણે દિલ્હીમાં યમુનાનું જલસ્તર વધવા લાગ્યું છે. જો કે હજુ પુરનો ખતરો નથી. સારી વાત એ છે કે રાજધાનીમાં પાણીની અછત દુર થઈ જશે.

બિહારમાં ગત ૨૪ કલાકના મુશળધાર વરસાદથી કોસી, મહાનંદા સહિતની નદીઓ બે કાંઠે છે. સીતામઢી, મુઝફ્ફરપુર, શિવહર સહિત અનેક જિલ્લાની નદીઓનું જલસ્તર ખતરાના નિશાન પર પહોંચી ગયું છે.

# મુંબઈમાં ભારે વરસાદઃ ૬ કલાકમાં ૧૨ ઈંચ

## ઓફિસો, શાળા-કોલેજોમાં રજા



મુંબઈ, તા.૮

મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદની અસર એ છે કે સ્થળોએ ઘૂંટણ સુધી પાણી છે. વરસાદના કારણે સામાન્ય લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ટ્રેનની અવરજવરને અસર થઈ છે. રસ્તાઓ પર પૂરના કારણે વાહનો ડૂબી રહ્યા છે. મુંબઈમાં રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદને કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. લોકલ ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. આજે પણ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આ અઠવાડિયે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. મુંબઈમાં પણ આખી રાત ભારે વરસાદ થયો છે. IMD એટલે કે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે એટલે કે ૮મી જુલાઈએ મુંબઈમાં દિવસ દરમિયાન ભારે વરસાદ પડશે. તે જ સમયે, આજે રાત્રે તોફાન થવાની સંભાવના છે. ભારે વરસાદને કારણે નવી મુંબઈમાં લોકલ ટ્રેનો ૧૫ થી ૨૦ મિનિટ મોડી ચાલી રહી છે. ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે સેન્ટ્રલ રેલ્વે લાઈન સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. રેલવે ટ્રેક પર પાણી ભરાઈ ગયા છે. લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનો અને લોકલ ટ્રેનો વિવિધ સ્થળોએ રોકાઈ ગઈ છે. કોલોની-દુકાનોમાં પાણી ભરાઇ ગયા છે.

મુંબઈના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ (જુઓ.પાનું.૫)

# સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતમાં વરસાદના બે રાઉન્ડ આવવાની સંભાવના



રાજકોટ, તા.૮

વેધરની એક ખાનગી સંસ્થાએ સારા સમાચાર આપ્યા છે. આગામી સપ્તાહ દરમિયાન વરસાદી માહોલની શકયતા વ્યકત કરી છે. ઉપરાઉપરી બે - બે સિસ્ટમ્સની અસરથી સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતમાં વરસાદના ઉપરાઉપરી બે રાઉન્ડ આવવાની સંભાવના છે.

તા.૧૪ જુલાઈ આસપાસ બંગાળની ખાડીમાં અપર એર સાઈકલોનીક સર્કયુલેશન બનશે બાદ લો પ્રેશર થવાની શકયતા. તા.૧૬/૧૭ જુલાઈ આસપાસ જમીની ભાગોમાં લો પ્રેસર આવી શકે.લો પ્રેશર અને તેને આનુસગિક યુ.એ.સી તેનો ટ્રફ, બ્રોડ સર્ક્યુલેશન તેમજ ચોમાસુ ધરીનું નોર્મલ કે નોર્મલથી નીચે તરફ આવી જવું તેની અસરથી તા.૧૬/૧૭ જુલાઈથી ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ અલગ ભાગોમાં વરસાદી રાઉન્ડ ચાલુ થવાની શકયતા દેખાય રહી છે.વરસાદી રાઉન્ડ તા.૨૦ જુલાઈ સુધી વધ ઘટ વરસાદની માત્રા અને અલગ અલગ વિસ્તારમાં હળવો મધ્યમ કે ભારે વરસાદ કે તેથી વધુ વરસાદની શકયતા છે. ત્રણેક દિવસ વરસાદનું જોર વધુ રહેશે. જયારે તા.૧૯ જુલાઈ આસપાસ ઉત્તરીય બંગાળની (જુઓ.પાનું.૫)

# ૨૩ જુલાઈએ નિર્મલા સિતારામન બજેટ રજુ કરશે



નવી દિલ્હી, તા.૮

કેન્દ્રમાં એનડીએ સરકારની રચના બાદ બજેટ સત્રની જાહેરાત થઈ છે.આગામી ૨૩ જુલાઈએ બજેટ રજુ થનાર છે. તે પૂર્વે વિવિધ અટકળો જોર પકડવા લાગી છે.આ વખતનું બજેટ સામાન્ય નહિં પણ ખાસ હશે અને આમ આદમીને રાહત આપવા પર ફોકસ કરતી જોગવાઈઓ રહેવાનું માનવામાં આવે છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન સતત સાતમી વખત બજેટ રજુ કરશે. મોંઘવારીને રોકવા આર્થિક રફતારને જાળવવા તથા લોકસભા ચૂંટણીમાં નબળા દેખાવ બાદ આગામી વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય લાભ થાય તેવા પગલાઓ લેવાનો પડકાર હશે. નવી સરકારની રચનામાં પ્રથમ વર્ષે સામાન્ય રીતે લોકપ્રિય પગલાઓનું દબાણ રહેતુ નથી.

પરંતૂ લોકસભા ચૂંટણીમાં ઝટકા બાદ હવે આવતા મહિનાઓમાં મહારાષ્ટ્ર, હરીયાણા તથા ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી થવાની હોવાથી એનડીએ સરકાર માટે તે જરૂરી બની ગયુ છે અને એટલે આમ આદમીને રાહત આપતા પગલાઓ પર ધ્યાન ફોકસ કરી શકે છે.

અર્થતંત્રના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકારના વચગાળાના બજેટમાં ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયાના મૂડી ખર્ચનો ટારગેટ આપવામાં આવ્યો હતો. તેમાં કોઈ કાપ મુકયા વિના ચાલુ વર્ષની ૪.૯ થી ૫ ટકાની રાજકોષિય ખાધનો ટારગેટ રાખી શકે છે. છેલ્લા વર્ષોમાં આ ખાધને અંકુશમાં રાખવામાં સફળતા મળી છે કારણ કે મહેસુલી આવકમાં વધારો થયો છે.

અર્થશાસ્ત્રીઓનાં કહેવા પ્રમાણે સામાન્ય રીતે નવી સરકાર પર લોકપ્રિય કદમ ઉઠાવવાનું દબાણ હોતું નથી.એનડીએ સરકાર છેલ્લા દસ વર્ષથી જે રાહ પર ચાલી રહી છે તેમાં જ આગળ વધી શકે છે. કારણ કે આર્થિક વિકાસની રફતાર જાળવી રાખવી પડે તેમ છે.ઉત્પાદન વધારવાનાં કદમ ઉઠાવાય શકે છે. ખર્ચ-ખરીદી-વપરાશ વધારવાની દિશામાં પગલા લેવાનું પડકારજનક બનશે. (જુઓ.પાનું.૫)

# સેટેલાઈટ તસ્વીર ઘર આંગણાની મેળવી શકાશે

## સેટેલાઈટથી લીધેલા ફોટા વધુ એડવાન્સ હશે



દિલ્હી, તા.૮

શું તમે તમારા ઘર આંગણાનો સેટેલાઇટ ફોટો લેવા માંગો છો? આ ટૂંક સમયમાં શક્ય બની શકે છે કારણ કે બેંગલુરૂ સ્થિત સ્પેસ સેક્ટર સ્ટાર્ટઅપ 'પિક્સેલ' આવા ઓનલાઈન સોફ્ટવેર લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આની મદદથી તમે તેના સેટેલાઇટની મદદથી પૃથ્વીની લીધેલી તસવીરો જોઈ શકાશે.

'પિક્સેલ સ્પેસ'ના ચીફ એક્ઝિક્યુટિવ સહ-સ્થાપક કહ્યું કે પૃથ્વી મોનીટરીંગ ઑનલાઇન સ્ટુડિયો શરૂ કરવો એ સામાન્ય માણસને ખૂબ જ ઓછા ખર્ચે સ્પેસ-આધારિત ડેટા ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોનો આ એક ભાગ છે.

Pixelનો અર્થ ઓબ્ઝર્વેશન સ્ટુડિયો "Aurora' આ વર્ષના અંત સુધીમાં લોન્ચ થઈ શકે છે, જે પૃથ્વીની તસવીરો અને સેટેલાઇટ દ્વારા લેવામાં આવેલા ડેટા વિશ્લેષણને દરેક માટે સુલભ બનાવશે. 'ગૂગલ અર્થનો ઉપયોગ કરવો તેટલો જ સરળ હશે પરંતુ સેટેલાઇટથી લીધેલા ફોટા વધુ એડવાન્સ હશે.'

## પેમેન્ટ કરશો કે તરત જ તસ્વીર મળી જશે'

'ધારો કે, મારે આગામી એક-બે અઠવાડિયામાં ચિક્કામગાલુરુની તસવીર જોઈએ છે. આ કામ અમારા ઉપગ્રહોને સોંપવામાં આવશે અને જ્યારે તમે તેના માટે ચૂકવણી કરશો, ત્યારે તેઓ તમને આ ચિત્ર આપશે. પૃથ્વીની તસવીરો લેવા માટે Pixel એ બે ઉપગ્રહો શકુંતલા અને આનંદ લોન્ચ કર્યા છે. તેઓ આ વર્ષે છ ઉપગ્રહો અને આવતા વર્ષે વધુ ૧૮ ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે.



**વડાપ્રધાન મોદી આજથી રશિયા અને ઓસ્ટ્રિયાના પ્રવાસેઃ ચાર દાયકામાં ભારતીય વડાપ્રધાનની ઓસ્ટ્રિયાની પ્રથમ મુલાકાતઃ પુતિન સાથે ખાસ કરીને સંરક્ષણ અને ઉર્જા ક્ષેત્રે વેપાર વધારવા પર વાતચીત કરશે**

## ગુજરાતમાં લર્નિંગ લાયસન્સ માટે નિયમો થયા સરળ

# પરીક્ષામાં ૯ માર્કસ હશે તો મળશે લાયસન્સ

**કુલ ૧૫ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નો સાચા હોવાનો હતો નિયમઃ વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા કરાયો પરિપત્ર**




અમદાવાદ, તા.૮

ગુજરાત પરિવહન વિભાગે ઓનલાઈન લર્નિંગ લાયસન્સ પરીક્ષાઓ માટે પાસ થવાના માપદંડમાં સુધારો કર્યો છે. આ અગાઉ ૧૧ સાચા જવાબોની જરૂરિયાતની સરખામણીમાં ઉમેદવારોએ હવે ૧૫ પ્રશ્નોમાંથી માત્ર ૯ જ સાચા જવાબ આપવા પડશે. આ અગાઉ ઉમેદવારોએ ઓનલાઈન લર્નિંગ લાઇસન્સ પરીક્ષા પાસ કરવા માટે ૧૫માંથી ૧૧ સાચા જવાબો આપવાના હતા.

પાસિંગ માપદંડ ઘટાડવાનો નિર્ણય કમિશનરની ઓફિસમાં મળેલા પ્રતિસાદના પ્રતિભાવમાં આવ્યો છે, જેમાં ખાસ કરીને ઓછા ઔપચારિક શિક્ષણ ધરાવતા ઉમેદવારોને પડતી મુશ્કેલીઓને હાઇલાઇટ કરે છે. પ્રાદેશિક પરિવહન કાર્યાલય (RTO)ના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઓનલાઇન લર્નિંગ લાયસન્સ પરીક્ષા ઘણીવાર એવા ઉમેદવારો માટે પડકારો ઉભી કરે છે, જેઓ અન્યથા સક્ષમ ડ્રાઇવર હતા.પરીક્ષા ઉમેદવારો પાસે મૂળભૂત ડ્રાઈવિંગ જ્ઞાન અને કૌશલ્ય છે, તેની ખાતરી કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.આ ફેરફારનો ઉદ્દેશ્ય ઓછું ભણતર ધરાવતા અથવા સારી રીતે વાંચી ન શકતા લોકોને ડ્રાઈવિંગ ટેસ્ટ દરમિયાન તેમની ડ્રાઈવિંગ કુશળતા દર્શાવીને લર્નિંગ લાયસન્સ મેળવવામાં મદદ કરવાનો છે.

હવે તમારે લર્નિંગ લાયસન્સની પરીક્ષા પાસ કરવા માટે ૧૫માંથી ૯ પ્રશ્નો સાચા પડતા લર્નિંગ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવશે. જો કે, અગાઉ ૧૫માંથી ૧૧ પ્રશ્નોના જવાબ સાચા પડતા લાયસન્સ અપાતું હતું.

વાહન વ્યવહાર કમિશનર કચેરીની યાદીમાં જણાવ્યું છે કે, લર્નિંગ લાયસન્સની કોમ્પ્યુટર પરીક્ષા પાસ થવા માટે કુલ ૧૫ પ્રશ્નોમાંથી ૧૧ સાચા જવાબ આપ્યેથી લર્નિંગ લાયસન્સ ઈસ્યુ કરવાની પદ્ધતિ અમલામાં છે. જે સંદર્ભેર્શિત બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૦૧/૦૭/૨૦૨૪ના પત્રથી મળેલ અનુમોદન મુજબ કેન્દ્રીય મોટર નિયમો, ૧૯૮૯ના નિયમો-૧૧ (૪) અનુસાર, હવેથી ૧૫ પ્રશ્નોમાંથી ૯ પ્રશ્નોના સાચા જવાબ આપ્યેથી લર્નિંગ લાયસન્સ ઈસ્યુ કરવા જણાવવામાં આવે છે.

# ક્રિકેટ ટીમના દરેક સભ્યને મળશે પાંચ-પાંચ કરોડ

## ૧૫ સભ્યો - કોચને ૫-૫ કરોડઃ બેટીંગ - ફિલ્ડીંગ - બોલિંગ કોચને અઢી-અઢી કરોડ



મુંબઈ, તા.૮

ટીમ ઈન્ડિયાએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યા બાદ BCCIએ ૧૨૫ કરોડ રૂપિયાની મોટી ઈનામી રકમની જાહેરાત કરી હતી. બીસીસીઆઈએ તે સમયે સ્પષ્ટ કર્યું હતું કે આ ઈનામની રકમ સપોર્ટ સ્ટાફ અને પસંદગીકારોની સાથે ખેલાડીઓમાં વહેંચવામાં આવશે. જો કે, ચાહકો અનુમાન લગાવી શક્યા ન હતા કે આ ઈનામની રકમ કેવી રીતે વહેંચવામાં આવશે. તો હવે આ અંગેની માહિતી પણ સામે આવી રહી છે.

ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાં સામેલ ૧૫ ખેલાડીઓ સહિત કોચ રાહુલ દ્રવિડને સૌથી વધુ ૫-૫ કરોડ રૂપિયા મળશે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ખેલાડીઓ સિવાય, ટીમના કોર કોચિંગ સ્ટાફમાં પ્રત્યેકને ૨.૫ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવશે, જેમાં બેટિંગ કોચ વિક્રમ રાઠોડ, ફિલ્ડિંગ કોચ ટી દિલીપ અને બોલિંગ કોચનો સમાવેશ થાય છે. તે જ સમયે, આ ટીમની પસંદગી કરનાર અજીત અગરકરની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિમાં સામેલ ૫ પસંદગીકારોને ૧-૧ કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

આ ઈનામી રકમમાં બેકરૂમના બાકીના સ્ટાફનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ ફિઝિયોથેરાપિસ્ટ, ત્રણ થ્રોડાઉન સ્પેશિયાલિસ્ટ, બે માલિશ કરનારા અને સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ પ્રત્યેકને ૨ કરોડ રૂપિયા મળશે.

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ સહિત કુલ ૪૨ લોકો T20 વર્લ્ડ કપ રમવા ગયા હતા. જાણવા મળ્યું છે કે ટીમના વીડિયો એનાલિસ્ટ, ટીમ સાથે પ્રવાસ કરી રહેલા BCCI સ્ટાફ મેમ્બર્સ, મીડિયા ઓફિસર સહિત ટીમના લોજિસ્ટિક્સ મેનેજરને પણ આ એવોર્ડ આપવામાં આવશે.

બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને બીસીસીઆઈ તરફથી મળવાની ઈનામની રકમ વિશે જાણ કરવામાં આવી છે અને અમે દરેકને બીલ જમા કરવા કહ્યું છે.' અમે તમને જણાવી દઈએ કે, ત્રણ ફિઝિયોથેરાપિસ્ટ છે કમલેશ જૈન, યોગેશ પરમાર અને તુલસીરામ યુવરાજ ત્રણ થ્રોડાઉન નિષ્ણાતો રાઘવેન્દ્ર દાવગી, નુવાન ઉડેન્કે અને દયાનંદ ગરાણી છે અને બે માલિશ કરનારા રાજીવ કુમાર અને અરૂણ કનાડે છે.

# મુંબઇમાં ભારે વરસાદને પગલે રાજકોટની બે ફ્લાઇટ રદ



રાજકોટ, તા. ૮

મુંબઇમાં ભારે વરસાદને પગલે જનજીવન પર અસર પડી છે આ ઉપરાંત વાહન વ્યવહાર અને માર્ગ વ્યવસ્થા પણ ઠપ્પ થઇ છે. અતિ ભારે વરસાદને કારણે આજ સવારની એર ઇન્ડિયાની એક ફ્લાઇટ મોડી પડી હતી અને ઇન્ડિગોની બે ફ્લાઇટ મુંબઇથી રદ્દ કરવામાં આવી છે. મુંબઇમાં ભારે વરસાદને કારણે એર ઇન્ડિયાની સવારે ૭.૩૦ કલાકની ફ્લાઇટ ૧૫ મીનીટ મોડી લેન્ડ થઇ હતી અને ઇન્ડિગોની સવારે ૮.૩૦ કલાક અને ૧૧.૫૦ કલાકની ફ્લાઇટ કેન્સલ કરવામાં આવી છે. જેને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. બે ફ્લાઇટ રદ થતા મુસાફરો અટવાયા હતા. વાતાવરણ સામાન્ય થયા બાદ નવી ફ્લાઇટ મુંબઇથી ઉપડશે. ભારે વરસાદને કારણે વાતાવરણની પરિસ્થતિને ધ્યાનમાં લઇ ઇન્ડિગો દ્વારા મુંબઇથી રાજકોટ આવતી બે ફ્લાઇટ રદ્દ કરવાનો નિર્ણય કરાયો હતો. આથી આજ સવારની બે ફ્લાઇટ રદ કરવામાં આવી.

હાલ મુંબઇમાં વરસાદ ધીમો પડયો છે. પરંતુ હજુ વાતાવરણ સ્વચ્છ થતા સમય લાગશે. આથી મુસાફરોની સલામતીને ધ્યાનમાં લઇ સવારની બે ફ્લાઇટ રદ કરવામાં આવી. એર ઇન્ડિયાની સવારની ૭.૩૦ કલાકની ફ્લાઇટ ૧૫ મીનીટ મોડી પડી હતી.મુંબઇમાં ભારે વરસાદને પગલે રાજકોટની બે ફ્લાઇટ રદ્દ એક વિમાન મોડુ પડયુંમુંબઇમાં ભારે વરસાદને કારણે એર ઇન્ડિયાની સવારે ૭.૩૦ કલાકની ફ્લાઇટ ૧૫ મીનીટ મોડી લેન્ડ થઇ હતી અને ઇન્ડિગોની સવારે ૮.૩૦ કલાક અને ૧૧.૫૦ કલાકની ફ્લાઇટ કેન્સલ કરવામાં આવી છે. જેને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. બે ફ્લાઇટ રદ થતા મુસાફરો અટવાયા હતા.

વાતાવરણ સામાન્ય થયા બાદ નવી ફ્લાઇટ મુંબઇથી ઉપડશે. ભારે વરસાદને કારણે વાતાવરણની પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ઇન્ડિગો દ્વારા મુંબઇથી રાજકોટ આવતી બે ફ્લાઇટ રદ્દ કરવાનો નિર્ણય કરાયો હતો. આથી આજ સવારની બે ફ્લાઇટ રદ કરવામાં આવી.

હાલ મુંબઇમાં વરસાદ ધીમો પડયો છે. પરંતુ હજુ વાતાવરણ સ્વચ્છ થતા સમય લાગશે. આથી મુસાફરોની સલામતીને ધ્યાનમાં લઇ સવારની બે ફ્લાઇટ રદ કરવામાં આવી. એર ઇન્ડિયાની સવારની ૭.૩૦ કલાકની ફ્લાઇટ ૧૫ મીનીટ મોડી પડી હતી.

### વોર્ડ નં.૧૮માં સ્વાતિ પાર્ક સાત રસ્તા પર આવેલ ચોકનું

# BAPS સ્વામિનારાયણ મંદિર ચોક નામકરણની જાહેરાત મહંત સ્વામી મહારાજના વરદ્ હસ્તે કરાઇ





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

શહેરના વોર્ડ નં.૧૮માં આવેલ સ્વાતિ પાર્ક સાત રસ્તા પર આવેલ ચોકનું BAPS સ્વામિનારાયણ મંદિર ચોકના નામકરણની જાહેરાત અષાઢી બીજના પાવન દિવસે કાલાવડ રોડ ખાતે આવેલ BAPS મંદિરના સભાગૃહમાં BAPS સંસ્થાના વડા પરમ પૂજ્ય સાક્ષાત પ્રગટ સ્વરૂપ ગુરૂહરિ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે, BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટર સંજયસિંહ રાણા, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ હિતેશભાઈ ઢોલરીયા, શહેર ભાજપ મંત્રી મિતેશભાઈ બોરીચા, વોર્ડ નં.૧૮ મહામંત્રી મિતેશભાઈ દાસોટીયા, કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર સહિત કાર્યકરો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.તેમ જણાવ્યુ છે.

# એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરતા ડો.દર્શિતા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈમોદી દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે એક પેડ માં કે નામ અભિયાન શરૂ કરાવેલ છે. તેમજ ભારત તથા વિશ્વભર ના લોકોને પોતાની માતા સાથે મળી ને કે માતાને અંજલિ રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું છે. જે અંતર્ગત રાજકોટ વિધાનસભા - ૬૯ નાં ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ ધારાસભ્ય દ્વારા એક વૃક્ષ માં કે નામ ,એક વૃક્ષ ભારત માતા કે નામ,''એક વૃક્ષ સરસ્વતી માતા કે નામ,એક વૃક્ષ સાસુમાં કે નામ,એક વૃક્ષ ગૌમાતા કે નામ સાથે વૃક્ષારોપણ કરેલ તથા શહેરીજનોને પણ વધુ ને વધુ વૃક્ષારોપણ કરી આ અભિયાનમાં જોડાવવા અપીલ કરેલ છે. તેમ જણાવ્યુ છે.

# પશુ-પક્ષીઓ માટેનો નિઃશુલ્ક, મેગા, સર્વરોગ નિદાન તેમજ સારવારનો કેમ્પ યોજાયો





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

'સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાનાં સભ્ય ડો. ગીરીશભાઈ શાહ તથા ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા-દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

એનીમલ હેલ્પલાઈનનાં ડો. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, નિષ્ણાત તબીબો ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી તેમજ પંચનાથ એનીમલ હોસ્પીટલનાં ડો. વિવેક કલોલા સહીતની ડોકટર્સની ટીમે પોતાની સેવા આપી હતી. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટ (એસ.પી.સી.એ.), જીલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. કટારા, ડો. જાકાસણીયા ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબોએ સેવા આપી હતી. આ કેમ્પમાં આવેલા તમામ પશુ-પક્ષીઓને જનરલ હેલ્થ ચેકઅપ (ફુલ બોડી), શ્વાનોને વિનામૂલ્યે હડકવા વિરોધી રસીકરણ, આંખના દાંતના-ચામડીના રોગોની તેમજ સર્વરોગોનું નિદાન, સારવાર કરવામાં આવ્યું હતું. સર્વરોગની જનરલ સારવાર, મેજર ઓપરેશન ઉપરાંત અન્ય સારવાર પણ કરી આપવામાં આવી હતી. જેમાં ૮૭ શ્વાનો, ૧૫ બિલાડી, ૧ પક્ષી અને ૩ અન્ય પશુઓ એમ કુલ ૧૦૩ પશુ, પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી.

આ જીવદયા કેમ્પને રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડી.ડી.ઓ. ડો. નવનાથ ગૌહાણે, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પશુ પાલન શાખાના વરિષ્ઠ ડો. ગોહિલ, પંચનાથ મંદીર તેમજ હોસ્પીટલનાં દેવાંગભાઈ માંકડ, પ્રીતિબેન માંકડ, સદભાવના વૃદ્ધાશ્રમનાં પ્રમુખ વિજયભાઈ ડોબરિયા, શહેર ભાજપ અગ્રણી મનીષભાઈ ભટ્ટ, એડવોકેટ ડો. માધવભાઈ દવે, દિલીપભાઈ સખિયા, દિનેશભાઈ પટેલ, આનંદભાઈ અમૃતિયા, યોગેશભાઈ પાંચાણી, રાજુભાઈ બાલા, અર્હમ



યુવા સેવા ગ્રુપનાં સેતુરભાઈ દેસાઈ, વિરાભાઈ હુંબલ, જાણીતા દાતા પુરષોત્તમભાઈ કામાણી, નવજીભાઈ પ્રજાપતિ સહિતનાં અગ્રણીઓએ તેમજ સેવાભાવી કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

કેમ્પને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ડો. ગીરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરુભાઇ કાનાબાર, રમેશભાઇ ઠકકર, ઘનશ્યામભાઇ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ગૌરાંગભાઈ ઠકકર, પારસ ભરતભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઇ ભરાડ તથા સમસ્ત મહાજનનાં કુમારપાળ શાહ સહીતનાની ટીમ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યુ છે.

# શહેરના ત્રણેય ઝોનમાં ૧૦.૧૭ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૩ આસામીઓ પાસેથી ૧૦.૧૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૯૧૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૩ આસામીઓ પાસેથી ૫.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૯૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવ-ામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૩ આસામીઓ પાસેથી ૧.૪૨ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવ-ામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.

# શહેર ભાજપ દ્વારા સંતશ્રી વેલનાથ જયંતીની શોભાયાત્રાનું સ્વાગત કરાયું





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

અષાઢી બીજ એક હિન્દુ શાસ્ત્રોમાં બહુજ અગત્યનો વણજયું મુહૂર્ત કહેવામાં આવે છે. આ દિવસે પુરીધામમાં સૌથી મોટી રથયાત્રા દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની રથયાત્રા કાઢવામાં આવે છે. ત્યારબાદ બીજા નંબરની રથયાત્રા અમદાવાદમાં કાઢવામાં આવે છે. રામદેવપીરની મોટી બીજ હોય તેમની શોભાયાત્રા રાજકોટ શહેરમાં કાઢવામાં આવે છે. તેમજ ચુંવાળીયા કોળી સમાજના ગુરૂ અને સંત શ્રી વેલનાથની જયંતી હોય કોળી સમાજ દ્વારા રાજકોટમાં શોભાયાત્રા કાઢવામાં આવે છે. સંતશ્રી વેલનાથના જીવનમાં સત્સંગ,શીવભકિત, સાધુ સંતોની સેવા કરવી વિગેરે તેમની ભકિત અને સિધ્ધી મળવાના કારણે ગીરનારમાં સિધ્ધો સંતોમાં તેમને સ્થાન મળ્યું હતું. ગીરનારની પરિક્રમાને જયાંથી પ્રસ્થાન કરવામાં આવે છે તે જગ્યા વેલનાથબાવાની જગ્યા તરીકે ઓળખાય છે. આવા સંત શીરોમણીની અષાઢી બીજના દિવસે જન્મ દિવસ હોય ચુંવાળીયા કોળી સમાજ વિદ્યાર્થી બોર્ડીંગ પ્રેરીત સંતશ્રી વેલનાથ જયંતિ શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાનુ શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત શહેરના પારેવડી ચોક ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મહામંત્રી અશ્વિન મોલીયા, વોર્ડ પ્રમુખ કાનાભાઈ ડૈંડૈયા સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.તેમ જણાવ્યુ છે.

# અષાઢી બીજની શહેરમાં નીકળતી શોભાયાત્રાનું સ્વાગત કરતી કોંગ્રેસ સમિતિ

## જગન્નાથજીની, વેલનાથ જયંતિની, ચારણીયા સમાજની રથયાત્રામાં ઠંડા પીણા અને ઠંડા પાણીની કોંગ્રેસ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

અષાઢી બીજ ના પવિત્ર દીવસે રાજકોટ શહેર મા વર્ષોની પરંપરા મુજબ નીકળતી શોભાયાત્રા રથયાત્રાનું રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય સ્વાગત પુષ્પગુચ્છ ફુલહારથી કરવામાં આવ્યું હતું અને શોભાયાત્રામાં કોંગ્રેસ દ્વારા ઠંડા પીણા અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૦:૩૦ કલાકે હોસ્પિટલ ચોક ખાતે સંત શ્રી વેલનાથ જયંતિ ઉત્સવ નિમિત્તે ચુવાડિયા કોળી ઠાકોર વિદ્યાર્થી ભુવન અને બોર્ડિંગ રાજકોટ દ્વારા પ્રેરિત ભવ્ય શોભા યાત્રાનું સ્વાગત શહેરના હોસ્પિટલ ચોક ખાતે ફુલહાર અને પુષ્પગુચ્છ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શહેરમા વસવાટ કરતા ચારણીયા સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરેલ જે રથયાત્રાનુ ડૉ યાજ્ઞિક રોડ ઉપર શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને ગાયત્રીબા વાઘેલા અને ઉપસ્થિત કોંગ્રેસના આગેવાનો દ્વારા આઈ શ્રી નાગબાઈ મા નું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

શહેરના ફુલછાબ ચોક ખાતે ૧૭ મો રથયાત્રા મહોત્સવ રથયાત્રા મહોત્સવ નિમિત્તે પરમ પુનિત સાંસ્કૃતિક પૌરાણિક એવમ ઐતિહાસિક ૧૭ મી રથયાત્રા જગન્નાથજીના પ્રાંગણમાંથી નીકળેલી અને પરંપરા મુજબ નગર પરિક્રમા કરી રહેલ શોભાયાત્રા નું ફુલછાબ ચોક ખાતે ફુલહારથી પુષ્પગુચ્છ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભગવાનનો રથ હાંકવાનો લહાવો લીધો હતો.



શોભાયાત્રા રથયાત્રાના સ્વાગત નો સમગ્ર કાર્યક્રમ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખ અતુલ રાજાણીની આગેવાનીમા રાજકોટ શહેર અને પ્રદેશના કોંગ્રેસના આગેવાનો, વોર્ડ પ્રમુખ, ફ્રંટલ સેલના ચેરમેનો જોડાયા હતા જેમાં ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, વશરામભાઈ સાગઠીયા, સુરેશભાઈ બથવાર, નયનાબા જાડેજા, મનીષાબા વાળા, દિલીપભાઈ આસવાણી, જસુબા વાંક, સલીમભાઈ કારિયાણી, જીગ્નેશભાઈ ડોડીયા, ગોપાલ મોરવાડિયા, મહેન્દ્રસિંહ જાડેજા મેઘજીભાઈ રાઠોડ, ગજેન્દ્રસિંહ ઝાલા, સંજયભાઈ રાવલ, બીપીનભાઇ રાઠોડ, નરેશભાઈ પરમાર, રમેશભાઈ વઘેરા, અમિતભાઈ સોંદરવા, કૃષ્ણદભાઈ રાવલ, મયુરસિંહ પરમાર, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, મયુરભાઈ શાહ સહિતના કોંગ્રેસના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.તેમ જણાવ્યુ છે.

# રાજકોટ ચેમ્બરની સફળ રજુઆત

## રાજકોટથી ઉપડતી વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બર પાર્થભાઈ ગણાત્રાની દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તેમજ કોઈપણ જાતની મુશ્કેલીઓ ન પડે તે માટે અવાર-નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટથી નીચે મુજબની વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનો જે અઠવાડીક ચાલે છે તેને કાયમીના ધોરણે શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવજી, મુંબઈ જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી.(1) Train no. 09525/26 Hapa-Naharlagun-Hapa (2) Train no. 09575/76 Rajkot-Jadcharela-Rajkot (3) Train no. 09569/70 Rajkot-Barauni-Rajkot (4) Train no. 09520/19 Okha-Madurai-Okha (5) Train no. 09523/24 Okha-Delhi Sarai Rohilla-Delhi.આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે. અને આ વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનોને ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. જે બદલ રેલ્વે મંત્રી, જનરલ મેનેજર તથા ડીઆરએમનો આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

## તંત્રી લેખ

# રોજગાર સર્જક નીતિ

ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)નો ઊંચો વિકાસ દર રોજગારીનું સર્જન કરે છે તેવી માન્યતા ઘટી રહી છે. આપણો જીડીપી વૃદ્ધિ દર ઊંચો રહ્યો છે પરંતુ રોજગાર સર્જનમાં અપેક્ષિત વધારો જોવા મળ્યો નથી. હવે આપણે રોજગારી પેદા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે અને જીડીપી વૃદ્ધિ દર તેનું પરિણામ હોઈ શકે છે. આ માટે કેન્દ્ર સરકારે એની માનસિકતામાં મૂળભૂત પરિવર્તન લાવવું પડશે. ભારતે ઈ. સ. ૧૯૯૧ના આર્થિક સુધારા સાથે અપનાવેલી વોશિંગ્ટન સર્વસંમતિથી આગળ વધવું પડશે. તેમના મતે, રાજ્ય એ મેક્રો-ઈકોનોમિક ફંડામેન્ટલ્સ જાળવવા, બહેતર ભૌતિક અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા અને વ્યવસાય કરવાની સુગમતામાં સુધારો કરવા માટે તેની ભૂમિકા મર્યાદિત કરવી જોઈએ. આવી સ્થિતિમાં મુક્ત બજાર તેનું કામ કરશે.

ચીન સાથેની સરખામણી કરવાથી આ વલણની મર્યાદાનો ખ્યાલ આવે છે. ઈ. સ. ૧૯૯૧માં, આપણે માથાદીઠ આવક અને ટેક્નોલોજીના સંદર્ભમાં સમાનતા પર હતા. બજાર પરિબળોને એકલા છોડવાને બદલે, ચીની સરકારે ઔદ્યોગિકીકરણને વેગ આપ્યો અને નિકાસમાં સફળતા મેળવી ચીનને વિશ્વનું કારખાનું બનાવ્યું. ચીને બોધપાઠ લીધો અને દક્ષિણ કોરિયા અને જાપાનની નીતિઓનું પાલન કર્યું જેણે અગાઉ તે દેશોને સફળતા અપાવી હતી. હવે ભારતે રોજગાર સર્જન પર વધુ ભાર મૂકવો પડશે. પરંતુ આ માટે પહેલા આપણે માનવું પડશે કે સરકાર વધુ સારી નીતિઓ બનાવી શકે છે અને તેનો અમલ કરીને ખાનગી ક્ષેત્રના રોકાણને આકર્ષીને જરૂરી રોજગારીનું સર્જન કરી શકે છે. ૧૯૯૧ સુધી આપણું પ્રદર્શન નબળું હતું અને ત્યાં સુધી આપણે કેન્દ્રિય આયોજન અને અર્થ વ્યવસ્થાનાં સૂક્ષ્મ-વ્યવસ્થાપન કરવાની સરકારની ક્ષમતા પર વિશ્વાસ કરતા હતા.

ઈ. સ. ૧૯૯૧ના સુધારા પછી, કેન્દ્ર સરકારે સ્વીકાર્યું કે રાજ્ય એ ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે બજારના પરિબળોને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં, જેના કારણે આપણે અપેક્ષિત પ્રદર્શન ન કરી શક્યા. સફળતા માટે બે મેક્રો-લેવલ પોલિસી રિફોર્મ્સની જરૂર છે, પરંતુ આ એકલા પર્યાપ્ત નથી. પ્રથમ, વાસ્તવિક વિનિમય દર જે તરફ જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવતું નથી. વાસ્તવિક વિનિમય દરમાં વધારો કરવા માટે વિશ્વભરના અર્થશાીઓમાં સર્વસંમતિ છે કે સ્થાનિક મૂલ્યવૃદ્ધિ અને રોજગાર નિર્માણ પર પ્રતિકૂળ અસર થઈ છે. આપણા દેશમાં વાસ્તવિક વિનિમય દર વધ્યો છે જ્યારે ચલણને મજબૂત બનાવતા પરિબળો હોવા છતાં ઉત્પાદકતા અને નિકાસમાં વધારો થયો નથી. આવું એટલા માટે થયું કે વિદેશમાંથી નાણાં મોકલવામાં આવ્યા હતા અને આપણા શેરબજારમાં જંગી મૂડી રોકાણ થયું હતું.

આપણી નીતિ, બજારને વિનિમય દર નક્કી કરવા દેવાની છે. આના કારણે આપણને નુકસાન થયું છે. વાસ્તવિક વિનિમય દરનો વધારો રોકવા માટે રિઝર્વ બેંકને બજારમાં હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપવાનો હવે સમય આવી ગયો છે. પૂર્વ એશિયાના દેશોએ વધતા ઔદ્યોગિકરણ માટે કૃત્રિમ રીતે ચલણનું યોગ્ય રીતે અવમૂલ્યન કર્યું છે. બીજું, વ્યવસાય કરવાનો ખર્ચ ઘટાડવાનો છે. એક ગરીબ, વિકાસશીલ અર્થતંત્ર કે જે સંસાધનોની અછત સાથે સંઘર્ષ કરી રહ્યું છે તેણે સુધારણા પહેલાના યુગમાં 'લક્ઝરી' ચીજવસ્તુઓ પર ક્રોસ સબસિડાઈઝેશન અને ઊંચા કર દરોનો માર્ગ અપનાવ્યો છે અને એ રીતે કિંમતો નક્કી કરવામાં આવી છે. ખુલ્લી અર્થવ્યવસ્થામાં દીર્ઘકાલીન વિરોધાભાસ ખર્ચના મોરચે નુકસાનની સ્થિતિનું નિર્માણ કરે છે જે કોઈપણ એક કંપનીના નિયંત્રણની બહાર હોય છે.

# મહંતસ્વામી મહારાજના સાનિધ્યમાં રથયાત્રાના ઐતિહાસિક પર્વની ઉજવણી કરાઇ

## રાજકોટ ખાતે પ.પૂ.મહંતસ્વામી મહારાજના રોકાણ દરમિયાનની આજની છેલ્લી વિદાય સભા યોજાશે





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

ભક્તિ, સમર્પણ અને સેવા સાથે ઉજવાતો અષાઢી બીજનો ઉત્સવ એટલે રથયાત્રા ઉત્સવ. આ ઉત્સવનો લાભ લેવા વહેલી સવારથી જ હરિભક્તો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પ.પૂ.મહંતસ્વામી મહારાજના સાનિધ્યમાં પૂજાદર્શન અને રથયાત્રા ઉત્સવની ઉજવણી માટે વહેલી સવારથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

રથયાત્રા પર્વે મંદિર પર ભગવાન સમક્ષ વિવિધ મીઠાઈઓનો ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સભાગૃહના મુખ્યમંચને પણ ભગવાન શ્રીજગન્નાથ, સુભદ્રાજી, અને બળદેવજી મહારાજના સુશોભિત ઈલેટ્રોનિક્સ રથનો નયનરમ્ય નજારો જોવા મળતો હતો. પ્રાતઃપૂજામાં રથયાત્રા ઉત્સવના કિર્તનની પ્રસ્તુતિ સંતો અને યુવકો દ્વારા કરવામાં આવી હતી. પૂજા બાદ પ.પૂ.મહંતસ્વામી મહારાજે આશીર્વચન આપતા જણાવ્યું કે, 'ભગવાનના હાથમાં આપણી લગામ આપવી. આપણું જીવન રથયાત્રા છે, જેને કઈ દિશામાં લઈ જવું એ આપણા હાથમાં છે. આપણા મોટા ભાગ્ય છે કે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. તેઓ આપણા રથના સારથી બન્યા છે અને રથને મોક્ષના માર્ગે ચલાવી રહ્યા છે. જીવનરૂપી યાત્રામાં ગમે તેવા સુખ દુઃખ આવે પણ આપણે રથી એવા ભગવાનને ક્યારેય છોડવા નહિ.'

ત્યારબાદ ભારતીય પરંપરાગત વિધિ પ્રમાણે ભગવાનશ્રી જગન્નાથજી અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરવામાં આવ્યું, વિવિધ મીઠાઈઓનો થાળ તેમજ પરંપરાગત એવો ચણા, મગ અને જાંબુનો પ્રસાદ પણ ધરાવાયો હતો અને રથયાત્રા ઉત્સવની આરતી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા પ્રમુખનગર વિસ્તારમાં નિર્માણાધિન હરિમંદિરના મુખ્ય માર્ગના ચોકનું નામાભિધાન 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ચોક' રાખવામાં આવ્યું, જે નિમિતે આજના કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને મહાનગરપાલિકાના અગ્રણીઓ પ.પૂ.મહંતસ્વામી મહારાજ સમક્ષ ચોકના નામાભિધાન માટે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજકોટ શહેરના મેયર નયનાબેન પેઢડિયા અને ધારાસભ્ય દર્શિતાબેન શાહે પણ હાજરી આપી હતી.સાંજે મંદિર પરિસરમાં યોજાયેલ રથયાત્રા પર્વની વિશિષ્ટ રવિસભામાં સાંજે ૪ વાગ્યાથી જ હજારો ભક્તોની ભીડ જોવા મળી હતી. મંદિરમાં પ્રવેશતા જ ભક્તોને પ્રસાદ અને મહોત્સવની આરતી માટેની સામગ્રી આપવામાં આવી હતી. મંદિરનો પ્રત્યેક ખૂણે ખૂણો હજારો ભક્તોથી સજ્જ બન્યો હતો. રથયાત્રાના રથ માટેનો પથ પણ લાલ જાજમથી વધુ આકર્ષક બન્યો હતો. સાયંસભાની શરૂઆત રથયાત્રાના પ્રસંગને અનુરૂપ ધૂન કીર્તનથી થઈ. ભગવાન અને સંતને આપણા જીવનરથના સારથી બનાવી જીવનની લગામ એમના હાથમાં સોંપી દઈએ તો આપણે આપણા જીવનમાં આવતા શારીરિક, કૌટુંબિક, વ્યાવહારિક કે આધ્યાત્મિક પ્રશ્નોમાંથી ઉગરી શકીએ એવી પ્રેરક કથાવાર્તા પૂજ્ય સંતોએ વિવિધ પ્રવચનો દ્વારા કરી.તેમ જણાવ્યુ છે.

# દારૂના વિશાળ જથ્થાનો નાશ કરતી પડધરી પોલીસ





રાજકોટ, તા.૮

ગેરકાયદે દારૂની હેરફેરના ગુનામાં ઝડપાયેલા દારૂના જથ્થાનો અમુક સમયાંતરે નાસ કરે છે ત્યારે પડધરી પોલીસે ગત રોજ દારૂના વિશાળ જથ્થાનો નાસ કર્યો હતો.પડધરી પોલીસે જણાવ્યા મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા એસપી નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ અને ડીવાયએસપી કે.જી.ઝાલાએ પોલીસ મથકમાં રહેલ મુદ્દામાલનો સત્વરે યોગ્ય નિકાલ કરવા સુચના આપેલ હતી.

જેથી સર્કલ પીઆઈ એસ.જી.રાઠોડના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જી.જે. ઝાલા દ્વારા પડધરી પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ૧૯ કેસમાં પકડાયેલ રૂમ.૧૭,૪૫,૦૧૩ની કિંમતની ૧૩૮૦૧ બોટલોનો નાસ કરવા કોર્ટની પૂર્વ મંજૂરી મેળવી હતી.

જેથી પુરતા પોલીસ બદોબસ્ત સાથે પડધરી જામનગર હાઈવે રોડ, પડધરી બાયપાસ, પટેલ જીનીંગથી આગળ રેલ્વે ઓવરબ્રીજ નીચે આવેલ ખુલ્લી જગ્યામાં રોલર ફેરવી દારૂના જથ્થાનો નાસ કરવામા આવેલ હતો. આ તકે સબ. ડીવિ. મેજી. વિમલકિર્તી ચક્રવર્તી (રાજકોટ ગ્રામ્ય પ્રાંત) તથા ડીવાયએસપી કે.જી.ઝાલા સર્કલ પીઆઈ એસ.જી. રાઠોડ, નશાબંધી આબકારી વિભાગ પીએસઆઇ એચ.જે.ગોહિલ, પડધરી પીએસઆઇ જી. જે. ઝાલા અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# પડધરીમાં ૧૮ વર્ષીય યુવતીનો એસિડ પી આપઘાત




રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લાના પડધરી ગામે ૧૮ વર્ષીય યુવતીએ પોતાના ઘરે એસિડ પી લેતા તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા અત્રે તેનું સારવાર દરમિયાન મોત નિપજતા ચકચાર મચી ગયો હતો. યુવતીએ ઘરે કોઈ હાજર નહોતું ત્યારે પગલું ભરી લીધું હતું. આત્મહત્યાનું કારણ સામે ન આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે જણાવેલ બનાવની વિગત મુજબ, રીના નવઘણ રાઠોડ (ઉં. વ.૧૮, રહે. પડધરી) ગઈકાલે બપોરે ૧૨.૩૦ વાગ્યે પોતાના ઘરે ઘરના અન્ય કોઈ સભ્યો હાજર નહોતા ત્યારે કોઈ કારણોસર એસિડ પી લીધું હતું. તેને સારવાર અર્થે પ્રથમ પડધરીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ.

ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાઈ હતી. અત્રે સારવાર દરમિયાન રાત્રે ૨.૩૦ વાગ્યા આસપાસ દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. પોલીસે પરિવારજનોની પૂછપરછ કરતા પરિવારજનો આપઘાતના કારણથી અજાણ હોવાનું જણાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બોગસ દસ્તાવેજો બનાવી કૌભાંડ આચરવાના ગુનામાં આરોપીની આગોતરા જામીન અરજી રદ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

પ્રનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી કમલેશભાઈ લાખાભાઈ ગોંડલીયા એ ફરિયાદ લખાવેલ કે તેઓનું ડિમેટ એકાઉન્ટ એ એન એસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોય અને તે એકાઉન્ટ ફ્રીજ થયેલ હોય અને તેમાં ૧૭ કંપનીના ૪૮૬૮ શેર હતા કે જેની કિંમત ૩૮ લાખ ૪૮ હજાર થાય છે તે ફ્રીજ થયેલ એકાઉન્ટ માં આરોપીઓ દ્વારા કૌભાંડ આચરી ફ્રીજ થયેલ ડિમેટ એકાઉન્ટ ના બોગસ ડોક્યુમેન્ટ બનાવી ડિમેટ એકાઉન્ટ ને અનફ્રીજ કરી તેમાં રહેલ રૂપિયા ૩૮ લાખ ૪૮ હજારના શેર આરોપીઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી તેને વેચી નાખી આરોપીઓ દ્વારા કૌભાંડ આચાર્યાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદીએ નોંધાવતા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી રાહુલગીરી હસમુખગિરી ગોસ્વામી રહે મારુતિ નગર એરપોર્ટ રોડ રાજકોટ વાળાએ ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે અને બોગસ દસ્તાવેજો બનાવવામાં આરોપીનો મુખ્ય રોલ છે અને ફરિયાદમાં આરોપીનું નામ છે આવા ગુનાના આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહીં. જો તેને જમીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં અને ફરી આવા ગુના આચરશે તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ જે ડી સુથારે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરેલ છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

# ચેક રીર્ટન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૮

''પાર્થ કન્ટ્રકશન કંપની'ના ભાગીદારો સરકારી તથા પ્રાઈવેટ બાંધકામનો વ્યવસાય કરે છે. અને પોતાના ધંધાની જરૂરીયાત માટે ભાગીદારી પેઢીના ભાગીદારોએ તેમના મિત્ર ધર્મેશભાઈ ચિમનભાઈ ગોહેલ રહે. ગોંડલવાળા પાસેથી હાથ ઉછીના રોકડા રૂપીયા લીધેલ. જે રૂપીયા ચુકવવા પેઢીના ભાગીદારોએ રૂા. ૧૦,૦૦,૦૦૦ અંકે રૂપીયા દસ લાખ પુરાનો ચેક આપેલ હતો. ચેક વગર વસુલાતે રીર્ટન થતા ફરીયાદી ધર્મેશભાઈએ ગોંડલ કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ ભાગીદારો વિરૂધ્ધ દાખલ કરેલ. ત્યાર બાદ કેસ ગોંડલના એડી. ચીફ જયુ. મેજી. એમ.એસ.દવેની કોર્ટમાં ચાલતા આરોપી રાજેશ પરસોતમભાઈ ખુંટ વતી રાજકોટના જાણીતા એડવોકેટ હિતેશ વી. રામાનુજએ ધારદાર દલીલ કરેલ તેમજ દલીલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટના અલગ અલગ ચુકાદાઓ પર આધાર રાખી મુખ્યત્વે એવી રજુઆત કરેલ કે આરોપીને રૂા. ૧૦,૦૦,૦૦૦ રોકડા રકમ હાથ ઉછીની આપવાની ફરીયાદીની આર્થિક પરીસ્થિતી નથી તથા કાયદેસરના લેણાની જવાબદારી પેટે આરોપીએ ચેક આપેલ નથી તથા ચેક આરોપીના બેન્ક ખાતાના નથી તથા ફરીયાદી આરોપીને રોકડા રકમ આપેલ હોય તેવી હકીકત સાબીત કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી દેવા ન્યાયોચીત હોય તેવી ભારપૂર્વક રજુઆતો કરેલ હતી.

ઉપરોક્ત દલીલો તથા સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટના અલગ અલગ ચુકાદાઓ તેમજ કેસની હકીકતો ધ્યાને લઈ ગોંડલના એડી. ચીફ જયુ.મેજી.એમ.એસ.દવે એ ચુકાદો આપી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી દેવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં પાર્થ કન્ટ્રકશન કંપનીના ભાગીદાર રાજેશભાઈ પી. ખુંટ વતી રાજકોટના એડવોકેટ હિતેશ વી. રામાનુજ, શકિતસિંહ એન. ગોહીલ, હરેશ ડી. જેતાણી, એડવોકેટસ તરીકે રોકાયેલા હતા.

# રાજકોટની રથયાત્રામાં શ્રી જગન્નાથપુરી ગજપતિની ભૂમિકા માંધાતાસિંહજી જાડેજાએ નિભાવી

## રાજકોટના રાજવીએ સ્વયં રથયાત્રાની પ્રત્યેક મૂર્તિઓ સહિત રથની આસપાસની જગ્યાએ જલાભિષેક કર્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

આજથી ૧૮૦૦ વર્ષ પૂર્વે રચાયેલાં પવિત્ર ગ્રંથ ત્રિસખ્ય જગન્નાથ માહાત્મ્ય અનુસાર વર્ષાકાળની અષાઢી બીજના શુભ દિને પ્રભુ જગન્નાથજી એમનાં મોટાભાઇ તથા બહેનને સંગાથે લઇને નગરચર્યા હેતુ પધારે છે. ઓરીસ્સા સ્થિત જગન્નાથપુરી મુખ્ય મંદિરથી આરંભ પામેલી પ્રભુજીની રથયાત્રા ભારતના સિમાડા વટાવી નેપાળ અને લંડન સુધી વિસ્તરી છે. ઓરીસ્સા ઉપરાંત ભારતના અન્ય રાજ્યો ગુજરાત, કેરળ અને તામિલનાડુમાં પણ અત્યંત ધામધૂમથી રથયાત્રા નિકળે છે. સામાન્ય રીતે નિત્યક્રમાનુસાર મંદિરમાં જગન્નાથજી એટલે કે પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ, શ્રી સુભદ્રાજી અને શ્રી બલરામજીની મૂર્તિઓનું સમગ્ર વર્ષ દરમિયાન પૂજન-અર્ચન-દર્શન કરવામાં આવતું હોય છે પરંતુ ભારતીય કાલગણના અનુસાર અષાઢી બીજના પરમ પાવનકારી દિવસે ભક્તજનોની સુખાકારીની જાણકારી પ્રાપ્ત કરવાના હેતુથી નગરચર્યા કરવા માટે પરમાત્મા સ્વયં મંદિરની બહાર પધારે છે અને પ્રત્યેક અબાલ-વૃદ્ધને દર્શન આપે છે. અહીં કોઇ તરસ્યો કૂવા પાસે નથી પરંતુ કૂવો સ્વયં પ્યાસાની પાસે પહોંચે છે અને એ જીવાત્માની ક્ષુધાને તૃપ્ત કરે છે. અઢારમી સદીથી ઓરીસ્સાના પુરી શહેર સ્થિત શ્રી જગન્નાથજી મંદિરેથી આરંભ થતી રથયાત્રા સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આપણાં ગુજરાત રાજ્યના વિવિધ મહાનગરો અમદાવાદ, વડોદરા અને રાજકોટની રથયાત્રા પણ વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બની છે તે આપણાં સહુ માટે વિશેષ આનંદ અને ગૌરવપૂર્ણ ઘટના છે. રથયાત્રા સાથે સંકળાયેલી નોંધપાત્ર એવી છેરા પહેરા વિધિ'' અતિશય મહત્વપૂર્ણ વિભાવના ધરાવે છે. અષાઢીબીજની રથયાત્રા દરમિયાન ગજપતિ એટલે કે રાજ્યનો રાજા સ્વયં સામાન્ય પહેરવેશ ધારણ કરીને પ્રત્યેક મૂર્તિઓ સહિત રથની આસપાસના વિસ્તારને જલાભિષેક કરીને સ્થાનને પવિત્ર કરવાની ભૂમિકા નિભાવે છે, એટલું જ નહીં પરંતુ રથયાત્રાનાં આગમન પૂર્વે અત્યંત ભક્તિભાવથી રથયાત્રાના માર્ગની પણ સફાઇ કરી સમગ્ર માર્ગ ઉપર સુખડકાષ્ટનું સુગંધી જળ અને પાવડરનો છંટકાવ કરીને સમગ્ર પથને સુગંધિત કરે છે. આ ગજપતિ રાજા એટલે કે કલિંગ સામ્રાજ્યનો સર્વોચ્ચ હોદ્દેદાર અને મહાનુભાવ વ્યક્તિ ગણાય છે, તે સ્વયં જગન્નાથજીની સેવામાં નાનામાં નાનું કામ કરીને નગરજનોને મહત્વ પૂર્ણ સંદેશ આપે છે કે જગત નિયંતા શ્રી જગન્નાથજીની સેવા કરતી વખતે બધાં જ સમાન છે. આ સેવાદાર શક્તિશાળી સમ્રાટ હોય કે એક સામાન્ય ભક્ત હોય બન્ને વચ્ચે કોઈ જ પ્રકારનો ભેદ હોતો નથી.રાજકોટ ખાતે શ્રી જગન્નાથજી મંદિર, કૈલાસ ધામ ખાતેથી પ્રતિવર્ષ નિકળતી રથયાત્રા પૈકી આ વર્ષે નિકળેલી રથયાત્રાની નોંધનીય બાબત એ હતી કે, રાજકોટ રાજ્યના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાએ શ્રી જગન્નાથપુરી-ઓરીસ્સા ખાતે ગજપતિ દ્વારા થતી છેરા પહેરા વિધિ રાજવી વિધિ-વિધાનો સાથે પહીંદવિધિ સંપન્ન કરીને રાજકોટ ખાતેની શ્રી જગન્નાથજીની નગરયાત્રાનો નિજ મંદિરથી શુભારંભ કરાવ્યો ત્યારે તેઓ સ્વયં યાત્રાપથ વાળી રહ્યાં હતાં જ્યારે યુવરાજ શ્રી જયદિપસિંહજી જાડેજા સુખડ -ચંદન - ગુલાબજળનો છંટકાવ કરીને યાત્રાપથને સુગંધિત કરી રહ્યાં હતાં. રાજશાહી યુગના રાજવી પરિવારની વર્તમાન સમયમાં પણ ધર્માભિમુખતા નિહાળીને રથયાત્રીઓ ગદગદીત થયાં હતાં. રથયાત્રાના પ્રસ્થાન પૂર્વેની પૂજનવિધિ વખતે રાજકોટ વરિષ્ઠ અગ્રણી નિતીનભાઇ ભારદ્વાજ, પોલીસ કમિશ્નર ઝા, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેસાઇ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ રથમાં બિરાજમાન શ્રી બલરામજી, શ્રી સુભદ્રાજી અને ભગવાન શ્રી જગન્નાથજી રાજકોટના વિવિધ માર્ગો પરથી પસાર થઇને સર લાખાજીરાજ માર્ગ પર પહોંચી ત્યારે શ્રી લાખાજીરાજ ગ્રંથાલયના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડો. કલાધર આર્યએ ત્રણે રથનું પૂજન કરીને ઓવારણાં લીધા હતાં અને મહંત શ્રી ત્યાગી મનમોહન દાસજીને પુષ્પમાળા અર્પણ કરી સંતગણનું ઔચિત્યપૂર્ણ સન્માન કર્યું હતું. જ્યારે મહંતજીએ પણ રાજકોટના રાજવી પ્રાતઃ સ્મરણીય શ્રી લાખાજીરાજ બાપુની પ્રતિમાને વંદન સહ પુષ્પહાર અર્પણ કરીને રાજકોટ રાજ્યના આર્ષદ્રષ્ટા અને પ્રજાવત્સલ રાજવી પરત્વે પોતાનાં ભાવો વ્યક્ત કર્યાં હતાં. રથયાત્રા જ્યારે પેલેસ રોડ પર પહોંચી ત્યારે રાજકોટ ઠાકોર સાહેબ શ્રી માંધાતાસિંહજી જાડેજા અને ભાવનગર મહારાજા શ્રી વિજયરાજ સિંહજી અને યુવરાજ જયદીપસિંહજીએ ત્રણે રથનું ભવ્ય સ્વાગત કરીને શ્રી રણજીત વિલાસ પેલેસ ખાતે પધરામણી કરાવી હતી. જ્યાં રાણી સાહેબા અ.સૌ કાદમ્બરીદેવીજી, યુવરાણી સાહેબા અ.સૌ. શિવાત્મિકાદેવીજી, રાજકુમારી મૃદુલાકુમારીજીએ વિશેષ નિમંત્રિતોની ઉપસ્થિતિમાં દિવ્ય વૈદિક મંત્રોચ્ચાર અને બેન્ડવાજાની સુરાવલીઓ વચ્ચે વિધિવત પૂજન કરી સંતો, મહંતો સહિત રથયાત્રીઓને અન્નમ બ્રહ્મ કરાવીને રાજકોટ રાજ પરિવારની ધર્માભિમુખતાનાં દર્શન કરાવ્યાં હતાં.તેમ જણાવ્યું છે.

# જીનિયસ ગ્રુપમાં કામ કરતા બસ ડ્રાઈવરોને માર્ગ સલામતીના મહત્વ અંગે શિક્ષણ અપાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

જીનિયસ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ સાથે સંકળાયેલ તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સુરક્ષા અને જાગૃકતા માટે વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ ગ્રુપની જીનિયસ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં કામ કરતા ૪૦ થી વધુ બસ ડ્રાઈવરો માટે બ્રહ્મકુમારી રાજકોટના સહયોગથી સડક સુરક્ષા જીવન રક્ષા વિષય આધારીત રોડ સેફ્ટી કાર્યક્રમ અંતર્ગત માર્ગ સલામતીના મહત્વ વિશે માર્ગદર્શન અને શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા એ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં માર્ગ અકસ્માતોમાં ઈજા અને મૃત્યુ પામનારની સંખ્યામાં ચિંતાજનક વધારો




જોવા મળી રહ્યો છે. આવી ઘટનાઓને ટાળવા માટે વાહનચાલકની જવાબદારીપૂર્વકની ભુમિકા મુખ્ય ભાગ ભજવે છે. સ્કૂલબસના ડ્રાઈવરની પૂરતી સાવચેતી અને ટ્રાફિકના નિયમોનું અનુસરણ તેમની અને બાળકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. જીનિયસ સ્કૂલ ખાતે યોજાયેલ આ રોડ સેફ્ટી કાર્યક્રમમાં વક્તા સ્થાને બ્રહ્માકુમારીના સુભાષભાઈએ ઉપસ્થિત બસ ડ્રાઈવરોને રક્ષણાત્મક ડ્રાઈવિંગ તકનીકો, રસ્તા પર સંભવિત જોખમોની ઓળખ કરવી, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો, વાહન ચલાવતી વખતે વિક્ષેપો ટાળવા માટેની વ્યવહારુ સલાહ, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો અને અકસ્માત પીડિતો અને તેમના પરિવારોના જીવન પર તેની અસર, સલામત અંતર જાળવવું અને કટોકટીની પરિસ્થિતિઓને કેવી રીતે સંભાળવા જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન પુરુ પાડયું હતું. આ તમામ બાબતોની સાવચેતી અને સમજદારીપૂર્વકનું ડ્રાઈવીંગ માર્ગ અકસ્માતોની સંભવીતતાને ઘટાડવા મુખ્ય ભાગ ભજવે છે.બસ ડ્રાઇવરોમાં માર્ગ સલામતી અને જવાબદાર ડ્રાઇવિંગ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા, માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરીને સલામતીમાં વધારો કરવા માટે યોજાયેલ આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપવા બદલ બ્રહ્માકુમારીના સુભાષભાઈ અને કિંજલ દીદીનો જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી. મહેતા અને સીઇઓ ડીમ્પલબેન મહેતા એ આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતા મેયર નયનાબેન પેઢડીયા



રાજકોટ : મેયર નયનાબેન પેઢડીયા દ્વારા વોર્ડ નં.૪માં મોરબી રોડ જકાતનાકા પાસે આવેલ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધેલ.આ મુલાકાત દરમ્યાન આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓની ઓ.પી.ડી.ની સંખ્યા, રસીકરણની કામગીરી, મમતા દિવસ અંગે કરવાની થતી કામગીરી, દવાઓનો જથ્થો, મેડીકલ સ્ટાફ તથા પેરામેડીકલ સ્ટાફની હાજરી અને દર્દીઓ સાથેનો વ્યવહાર, આરોગ્ય કેન્દ્રની સફાઈ વગેરે બાબતોની ચકાસણી કરવામાં આવેલ. મેયર દ્વારા ચાલુ ચોમાસાની ઋતુ દરમ્યાન દર્દીઓએ ખાસ લેવાની થતી કાળજી અંગે માહિતગાર કરવા, ભાઈઓ તથા બહેનો માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવા, આરોગ્ય કેન્દ્રની નિયમિત સફાઈ જાળવવા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય સ્ટાફને સુચના આપવામાં આવેલ.

# સાવરકુંડલા દેવળાગેઈટ ખાતે SBI ATM બની ગયુ કચરાઘર



(યોગેશ ઉનડકટ દ્વારા)

સાવરકુંડલા,તા.૮

સાવરકુંડલા દેવળાગેઈટ ખાતે એસ.બી.આઈ બેંક એ.ટી.એમ.કચરાઘર બની જતા ગ્રાહકો મા રોષ ભરાયો. આ એટીએમ.એમ.કઇ બેંક નુ છે તે જાણી નથી શકાતુ કારણ કે બોર્ડ નીકળી ગયેલ છે છતા અધિકારી નુ પેટ નુ પાણી નથી હલતુ. ગ્રાહક પાસે એ ટી.એમ.નો પુરો ચાર્જ લઈ લેતા હોય છતા સગવડતા નથી મળતી.એ.ટી.એમ.મા એ.સી. છે પણ શોભા ના ગાંઠીયા જેવુ છે. એ.ટી.એમ. સાવરણી છે છતા સફાઈ થતી નથી. અત્યારે તો કચરાઘર જેવી દશા થઈ ગયેલ છે. ગ્રાહક ની સુરક્ષા માટે કોઈ સિક્યુરીટી મુકેલ નથી. એસ.બી.આઈ ના અધિકારી ને ગ્રાહક ની સગવડતા ની કોઈ ચિંતા દેખાતી નથી એમને તો વ્યાજ ની પઠાણી ઉઘરાણી કરવી અને પહેલી તારીખ જ દેખાય છે. આટલી ખામી હોવા છતા ઘરાઈ ને ધંધો કરે છે એનુ એકમાત્ર કારણ ગ્રાહક મા જાગૃતા નથી. આવી ખામી દેખાય તો બેંક મેનેજર ને ફરીયાદ કરવા નુ શરૂ થઈ જાય તો કોઈ પ્રશ્ન ન રહે.મોટા શહેરો મા આવુ નથી બનતુ કારણ ત્યા ના લોકો એવુ નથી વિચારતા કે આપડે શુ..? માટે મારી દરેક ગ્રાહક ને વિનંતી છે કે સગવતા જોઈએ તો ફરિયાદ કરતા શીખો. બાકી અગવડતા પચી ગઈ હોય તો આંખ બંધ કરી જોયા કરશો.

# સ્વામિનારાયણ ગુરૂકુલમાંથી નીકળી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

અષાઢી બીજ ના પાવન દિવસે દર વર્ષની પરંપરા મુજબ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટથી સાંજના ૪ વાગ્યે પરમ પૂજ્ય ગુરુ મહારાજ શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી અને વડીલ સંતો , નારાયણદાસ સ્વામી,સંત વલ્લભ સ્વામી જ્ઞાનજીવનદાસજી સ્વામી, હરિપ્રિય સ્વામી વગેરે સંતોના હસ્તે રથયાત્રા નો પ્રસ્થાન કરવામાં આવ્યું.

ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૩મી જન્મ જયંતી અંતર્ગત ગુરુકુલમાં ભજન ભક્તિથી ઉજવણી કરવામાં આવી.




મુખ્ય રથમાં જગન્નાથજી, સુભદ્રાજી અને બળભદ્રજીને નગર વિચરણ માટે ગુરુકુલ થી ભક્તિનગર સર્કલ, શેઠ હાઈસ્કૂલ, બોલબાલા રોડ, ધર્મ ભક્તિ ચોક, ત્રિશુલ ચોક, જલારામ ચોક વગેરે વિચરણ કરી ગુરુકુલ પરત આવી. આ રથયાત્રા નું આકર્ષણ એ હતું કે તે પ્રદૂષણ મુક્ત થીમ આધારિત હતી.૫૦ સાયકલ સવારો,૩૦ ઈ બાઇક, ૨૦ ઇલેક્ટ્રિક કાર, ૫ ઈલેક્ટ્રીક ટેકટર સાથે આગળ પાછળ કચરો સાફ કરવા વાળા વાહનો જોડાયા હતા. ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ૫૦૦ હરિભક્તો અને ૫૦૦ જેટલા મહિલા અને કિશોરીઓ આ યાત્રામાં જોડાયા હતા.મુખ્ય ચોકમાં ભક્તો દ્વારા રથની આરતી ઉતારવામાં આવી હતી. રથયાત્રાના માર્ગમાં ભક્તો દ્વારા પુષ્પથી વધામણી કરવામાં આવી હતી.યાત્રા દરમિયાન જુદા જુદા પોઇન્ટ ઉપર જુદી જુદી પ્રસાદીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્ટૂન કેરેક્ટર ના ગેટ અપ માં બાળકોનું મનોરંજન કર્યું હતું.

# રાજુલા-ખાંભા ખરીદ વેચાણ સંઘના ડાયરેક્ટરનો સન્માન સમારોહ યોજાયો



(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૮

રાજુલા જાફરાબાદ અને ખાંભા ખરીદ વેચાણ સંઘના ડાયરેક્ટરોની બિનહરીફ વરણી થઈ હતી. ખરીદ વેચાણ સંઘની ચૂંટણી ૧૪ બેઠક સામે ૧૬ ફોમ ભરાયા હતાં. જેમા બે ફોમ પરત ખેંચાતા જીગ્નેશ પટેલ સહીત ૧૪ સભ્યોનું બોર્ડ બિનહરીફ થયું હતું. ત્યારે બિનહરીફ વરણી થયેલા તમામ ડાયરેક્ટરનો માર્કેટીંગ યાર્ડ ખાતે ધારાસભ્ય હીરાભાઇ સોલંકીની અધ્યક્ષતામાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રાજકીય આગેવાનો તેમજ ખેડૂતોએ સંઘના ડાયરેક્ટરોનું ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું. સાથોસાથ ધારાસભ્ય હીરાભાઇ સોલંકી સહિત રાજકીય તેમજ ખેડૂત આગેવાનોએ ડાયરેક્ટરોને અભિનંદન પાઠવ્યાં હતાં. જીગ્નેશભાઇ પટેલ હર હંમેશા ખેડૂતના પ્રશ્નો માટે લડતા આવ્યા છે. ત્યારે આવનારા સમયમાં પણ ખેડૂતોને કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે જીગ્નેશભાઇ પટેલ તત્પર રેહશે. ત્યારે સતત ત્રીજી વખત સંઘના ડાયરેક્ટર પદે જીગ્નેશભાઇ પટેલ સહીત ડાયરેક્ટરોની બિનહરીફ વરણી થતાં ખેડૂતોમા ખુશીની લહેર જોવા મળી હતી. આ કાર્યક્રમ અંતે રાજુલાના પત્રકાર મિત્રોનું પણ ભેટ આપી સન્માન કરવામા આવ્યું હતું. આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જીગ્નેશભાઈ પટેલ, ચેતનભાઇ શિયાળ, રવુભાઇ ખુમાણ, હરસુરભાઇ લાખણોત્રા, સાગરભાઇ સરવૈયા, રાજુલા તાલુકા સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઇ ધાખડા, તાલુકા પંચાયત પ્રમુખ ધીરજલાલ પુરોહિત, કનુભાઇ ધાખડા, વિરભદ્રભાઈ ડાભીયા, અરજણભાઇ વાઘ, ચાંચબંદર કાનજીભાઇ ચૌહાણ, રમેશભાઇ વસોયા તેમજ રાજકીય આગેવાનો, પત્રકાર મિત્રો સહીત મોટી સંખ્યામા ખેડૂતો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# એસ.ટી બસ પોર્ટ પર શોભાના ગાંઠિયા રૂપ બનેલ રિવર્સ વેન્ડિંગ મશીન શરૂ કરવા એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઇન્દુભા રાઓલ, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન મેઘજીભાઈ રાઠોડ, પટેલ નાગજીભાઈ વિરાણી, પૂર્વ ફોજી નટુભા ઝાલા, મહેન્દ્રસિંહ કે. જાડેજા, ગજુભા જાડેજા ની એક સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટના ઢેબર રોડ પરના એસ.ટી સેન્ટ્રલ બસ સ્ટેશન એસ.ટી બસ પોર્ટ પર પ્લેટફોર્મ નંબર ૯ ૧૦ ની સામે રિવર્સ વેન્ડીંગ મશીન (પ્લાસ્ટિક બોટલ ક્રસિંગ મશીન) મૂકવામાં આવેલ છે. તે મશીન શોભાના ગાંઠિયા રૂપ બની જતા ત્રણેક દિવસ પહેલા બસપોર્ટ પરના ફરજ પરના સ્ટેન્ડ ઇન્ચાર્જ




સુભાષભાઈ ને સાઇટ વિઝીટ કરાવી તે સમયે તૂટેલી સીટ અને આ બંધ મશીન બાબતે મૌખિક ફરિયાદ કરવામાં આવી હતી જે પગલે સ્ટેન્ડ ઇન્ચાર્જ દ્વારા જણાવ્યું હતું કે કંપની મશીન મૂકી ગયું છે મેન્ટેનન્સ ની જવાબદારી પણ એમની છે કંપનીના માણસને બોલાવી શરૂ કરાવી દેવામાં આવશે પરંતુ રજૂઆત બાદ પણ આજે પણ રિવર્સ વેન્ડિંગ મશીન બંધ હોવાથી ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટના એસ.ટી બસ પોર્ટ પર કંટ્રોલરૂમમાં જઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરોએ નોંધવાની ફરિયાદ પોથીમાં (પરિશિષ્ટ અ) તારીખ ૭ જુલાઈ ૨૦૨૪ના ફરિયાદ નંબર ૫૮૩૬૩૫ લેખિતમાં ફરિયાદ કરી આ મશીન જગ્યા રોકતું હોય અને કંપનીની ફકત જાહેરાત કરવામાં આવતી હોય તો આ મશીન તાત્કાલિક ત્યાંથી હટાવવા અન્યથા મશીન તાત્કાલિક શરૂ કરવા બાબતે લેખિત ફરિયાદ કરી છે અને આ અંગે રાજકોટના ડેપો મેનેજરનું પણ ટેલીફોનિક ધ્યાન દોરવામાં આવ્યું છે.

# દહીંસરા ગામની સીમમાંથી દારૂની ૭૮૦ બોટલ ઝડપાઈ

## આરોપી ફરારઃ ભાડલા પોલીસે બોલેરો ગાડી સહિત રૂ.૪.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

રાજકોટ,તા.૮

દહીંસરા ગામમાં દારુની ૭૮૦ બોટલ ઝડપાઈ હતી. ભાડલા પોલીસે બોલરો ગાડી સહિત રૂ.૪.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીનો શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ભાડલા પોલીસ મથકના પીએસઆઈ આર. એસ. સાંકળીયા, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ બોરીચા, કોન્સ્ટેબલ ગોવિંદભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે દહીસરા ગામની દક્ષીણ બાજુની પીપરવાળી વાડી બાજુ જતા કાચા રસ્તે પડેલ બોલરો ગાડીમાં ઈંગ્લીશ દારૂ ભરેલ પડેલ છે.

જે બાતમીનાં આધારે દરોડો પાડી બોલરો ગાડીમાંથી દારૂની ૭૮૦ બોટલ મળી આવી હતી. જ્યારે ગાડી ચાલાક નાસી ગયો હતો. પોલીસે બોલરો ગાડી સહિત રૂ.૪,૬૨, ૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી શોધખોળ હાથ ધરી હતી.

## ખોવાયેલ છે

જીવન કોમર્શીયલ કો-ઓપરેટીવ બેન્કનો
શેર સભ્યપદ : ૧૫૧૬
શેર સર્ટી નંબર : ૧૫૧૭
નામઃ ધીરજલાલ ડાયાલાલ લીંબડ
ગીતાનગર મેઇન રોડ, રાજકોટ
મોબાઇલ નં.: ૯૮૨૫૪ ૨૨૬૧૫

# પ્રદેશ ભાજપ કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહેતા ચેતન રામાણી



રાજકોટ : સાંળગપુર શ્રી કષ્ટભંજનદેવ મંદિર તેમજ બિ.એ.પી.એસ. સંસ્થા ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ આયોજીત ''કારોબારી બેઠકનુ'' આયોજન કરવામા આવ્યુ હતુ ત્યારે ગુજરાત રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રી પિયુષભાઈ ગોયલ, કેન્દ્રીય જળ શક્તી મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સિ.આર. પાટીલ જી, સંગઠન મહામંત્રી રત્નાકરજી વિગેરે નેતાઓ એ દાદાના દર્શન અને પૂજા-અર્ચન કરી વૃક્ષારોપણ વિગેરે કાર્યોબાદ ભાજપે તેમના દ્વારા થયેલ કાર્યોની સમીક્ષા કરી હતી તેમજ આવનારા દિવસો માટેની રણનીતી ઘડી હતી ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી પણ ઉપસ્થીત રહ્યા હતા તેમજ કોઠારી વિવેક સ્વામી, મેમનગરથી બાલસ્વામી, ગઢડા ચેરમેન હરજીવનદાસજી સ્વામી, વડતાલના આ.કો. શ્યામ સ્વામી, નાર ગુરુકુલથી સુખદેવસ્વામી, રાજકોટથી રાધારમણ સ્વામી તેમજ બ્રહ્મવિહારી સ્વામી વિગેરે સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.તેમ જણાવ્યું છે.

ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું

# ચોમાસામાં શાકભાજીના ભાવ આસામને

## ટામેટાનો ૭૦-૯૦ રૂપિયા પ્રતિ કિલો, ડુંગળી-બટાકા પણ મોંઘા



નવી દિલ્હી,તા.૮

ચોમાસાની સિઝનમાં શાકભાજીના ભાવમાં ઘણો જ વધારો જોવા મળી રહ્યો છે. ભારે વરસાદના કારણે ભારતના કેટલાક ભાગોમાં ડુંગળી, બટાકા અને ટામેટાના ભાવમાં ખૂબ જ વધારો થયો છે. દેશના મોટા શહેરોમાં ટામેટાની કિંમત ૭૦-૯૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી ગઈ છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. આગામી અઠવાડિયા સુધીમાં કિંમતોમાં ઘટાડો થઈ શકે છે.આ વર્ષે ટામેટાની કિંમતોમાં ઘણો જ ભાવ વધારો જોવા મળ્યો છે. જો કે, ટૂંક સમયમાં લોકોને રાહત મળી શકે છે, કારણ કે દક્ષિણી રાજ્યોમાંથી ફ્રેશ ટામેટા માર્કેટમાં આવવાના છે. એક રિપોર્ટ પ્રમાણે, દિલ્હીમાં ટામેટા ૭૫ રૂપિયા પ્રતિકિલો વહેંચાઈ રહ્યા છે. જ્યારે ઓનલાઈન ક્વિક કોમર્સ પ્લેટફોર્મ પર ટામેટા ૮૬ રૂપિયા પ્રતિ કિલોનો ભાવ છે.

ગયા વર્ષની સરખામણીમાં ડુંગળી અને બટાકાના ભાવ લગભગ ૮૧ ટકા અને ૫૭ ટકા વધી ગયા છે. માર્કેટના વેપારીઓના જણાવ્યા પ્રમાણે, ઉત્તર પ્રદેશ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં ખેડૂતોનો પાક વરસાદના કારણે ખરાબ થઈ ગયો હતો. આ રાજ્યોમાંથી આવતી શાકભાજીની કિંમતોમાં વધારો જોવા મળ્યો છે. ચોમાસાના કારણે ફળોની આવકમાં ઘટાડો જોવા મળ્યો છે.

લોકોની સાંભળવાની ક્ષમતા ઘટી

# હેડફોન, ઈયરફોન અને ઈયર પ્લગના ઉપયોગમા ચાર ગણો વધારો

લખનૌ,તા. ૮

હેડફોન, ઈયરફોન અને ઈયર પ્લગ સાંભળવાની ક્ષમતામાં ચાર ગણો વધારો કરે છે. પ્રસિદ્ધ પ્લેબેક સિંગર અલ્કા યાજ્ઞિકને તાજેતરમાં હેડફોનનો ઉપયોગ કરવાથી થતા નુકસાન વિશે જાણ થઈ હતી. તે સેન્સોરિનરલ નર્વ હીંઅરીંગ લોસથી પીડાય છે. આમાં, આંતરિક કાનમાંથી મગજ સુધી ધ્વનિ સંદેશો પહોંચાડતી ચેતાઓને નુકસાન થાય છે.

પરિણામ એ છે કે વોઈસ મેસેજ મગજ સુધી પહોંચતો નથી, તેથી મગજ તેને ડીકોડ કરવામાં અસમર્થ છે. અવાજ ન સાંભળવાનું આ કારણ બને છે. કેજીએમયુના કોમ્યુનિટી મેડિસિન વિભાગના ડો. મનીષ મન્નારે જણાવ્યું હતું કે ૭૫ ડેસિબલ સુધીનો અવાજ કાન માટે સલામત માનવામાં આવે છે.

આના કરતા જેટલો લાંબો અવાજ સંભળાય છે, તેનાથી કાનને વધુ નુકસાન થશે. કાનનો ફોન સતત સંગીત ચાલુ રાખીને સંગીત સાંભળવું ખૂબ જ નુકસાનકારક છે. જો લોકો મોટેથી કામ કરે છે, તો કાનને ઢાંકવા માટે હેડ પ્લગ પહેરો જેથી બહારનો વધુ પડતો અવાજ અંદર ન જાય.

**દર વર્ષે ગ્રાફ વધી રહ્યો છે**

દેશમાં લગભગ ૧૦ કરોડ લોકો ઈયરફોન, ઈયરપ્લગ અને હેડફોનનો ઉપયોગ કરે છે.

ભારતમાં હેડફોન અને ઈયરફોનનું માર્કેટ વાર્ષિક ૮૦ કરોડ ડોલર સુધી પહોંચી ગયું છે.

ભારતમાં, આ માર્કેટમાં દર વર્ષે ત્રણથી ચાર ટકાની વૃદ્ધિ જોવા મળી રહી છે.

**હકીકત**

વાયર્ડ અથવા બ્લૂટૂથ ઈયરપ્લગ અથવા હેડફોનનો ઉપયોગ સાંભળવા પર અસર કરે છે તેમજ ખત્મ પણ કરી શકે છે

જ્યારે જરૂરી હોય ત્યારે માત્ર ૫૦ ડેસિબલ વોલ્યુમ પર ઉપયોગ કરવો.

દરરોજ બે કલાકથી વધુ સમય માટે ઈયરફોનનો ઉપયોગ કરવો ખતરનાક બની શકે છે.

બાળકોની ગેમિંગની આદતને નિયંત્રિત કરવી, જેથી તેઓ અવાજથી થતા નુકસાનને ટાળે.

કાયમી બહેરાશનો ઈલાજ શક્ય નથી. કોક્લિયર ઈમ્પ્લાન્ટ પણ સાંભળવાની ખોટ તરફ દોરી શકે છે.

# ભારત સરકાર દ્વારા ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં ગુજરાતમાં સલાહકાર સમિતિના સભ્ય તરીકે ધર્મેન્દ્રસિંહ ઝાલાની વરણી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

ભારત સરકાર દ્વારા ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના ગુજરાતના સલાહકાર સમિતિના સભ્ય તરીકે રાજકોટના ધર્મેન્દ્રસિંહ વનરાજસિંહ ઝાલા (પીન્ટુભાઈ-ખાટડી)ને નિમણુંક કરાઇ છે.ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાજસ્થાન, દિલ્હી અને તેલંગાણામાંથી પણ સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં ધર્મેન્દ્રસિંહ ઝાલાને ગુજરાતમાંથી સભ્ય તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. આ નિમણુંકને ગુજરાત અને સૌરાષ્ટ્ર તેમજ રાજકોટના આગેવાનો પદાધિકારીઓ, બિલ્ડરો વગેરેએ બિરદાવી હતી. પીન્ટુભાઇ-ખાટડીના હુલામણા નામથી જાણીતા ધર્મેન્દ્રસિંહ ઝાલા છેલ્લા ઘણા વર્ષથી અનેક સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ છે. તે સહકાર ગ્રુપના પ્રમુખ તેમજ હિન્દુ સેનાના અધ્યક્ષ છે. ઉપરાંત રાજકોટ શહેર ભાજપ વોર્ડ નંબર ૧૨ના સક્રિય સભ્ય છે. તેઓને ૯૭૧૪૩ ૧૧૧૧૧ તેમના મિત્રો અને સગાસ્નેહીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# જવાહર નવોદય વિદ્યાલય અમરેલીમાં ક્લસ્ટર લેવલ સ્પોર્ટ્સની સ્પર્ધાઓ યોજાઈ



વડિયા,તા.૮

સમગ્ર દેશમાં ગ્રામીણ અને શહેરી બાળકો માટે રેસીડેન્સીયલ સ્કૂલ તારીકે જવાહર નવોદય વિદ્યાલય ઉત્કૃષ્ટ શિક્ષણ આપે છે અમરેલી માં પણ મોટા ભંડારીયા ખાતે જવાહર નવોદય વિદ્યાલય આવેલુ છે તેમાં વર્ષની શરૂવાત માં શાળા રમતોત્સવનો પ્રારંભ થતો હોય છે તે મુજબ ભંડારીયા કેમ્પસ ખાતે ચાલુ ૨૦૨૪-૨૫ ના શૈક્ષણિક વર્ષ ના રમતોત્સવનો પ્રારંભ શાળાના આચાર્ય વિજય ઘોષ, સ્ટાફ ગણ, આસપાસના ગામના આગેવાનો ની હાજરી માં કરવામાં આવ્યો હતો. જેમા ખો ખો ની સ્પર્ધા નુ ક્લસ્ટર લેવલે આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા અમદાવાદ ક્લસ્ટર ના ૧૮ અને અમરેલી ક્લસ્ટર ના ૧૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાંથી સિલેક્શન કમિટી દ્વારા આગળની સ્પર્ધાઓ માટે સિલેક્શન કર્યું હતુ.આ કાર્યક્રમ માં મોટા ભંડારીયા ના સરપંચ જયસુખ કસવાલા, પૂર્વ શિક્ષક ડોકિયા સાહેબ,આચાર્ય વિજય ભોષ,શાળા સ્ટાફગણ સહીત વિદ્યાર્થીઓ જોડાયા હતા અને સમગ્ર બે દિવસ સ્પર્ધાઓ ચાલી હતી.

શહેર ભાજપ દ્વારા

# અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મુર્તિને ત્રણ ભવ્ય રથમાં પધરાવી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રામાં લાખોની જનમેદની ઉમટી પડે છે અને આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભક્તિભાવથી ખેંચી અને ધન્યતા અનુભવે છે. ત્યારે રાજકોટ શહેરમાં અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા આયોજીત રથયાત્રામાં ભગવાનશ્રી જગન્નાથજી, બહેનશ્રી સુભદ્રાજી તથા ભાઈશ્રી બલરામજી અલૌકિક રથમાં બિરાજમાન થઈ પરંપરાગત મહાનગરના વિવિધ માર્ગો પર શહેરીજનોને દર્શન આપવા નીકળતા હોય છે ત્યારે આ ભગવાન જગન્નાથજી રથયાત્રાનું પુષ્કરધામ મંદિર સામે, પુષ્કરધામ મેઈન રોડ ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, કેબીનેટમંત્રી ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, વિક્રમ પુજારા, હરેશ જોષી સહીતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# લોધિકાના વિરવા ગામે મંદિર પર ધ્વજા ચડાવતી વખતે વીજ કરંટ લાગતા મોત

રાજકોટ,તા.૮

લોધિકાના વિરવા ગામે અષાઢી બીજના પર્વે મંદિર પર ધ્વજા ચડાવતી વખતે વીજ કરંટ લાગતા યુવકનું મોત થયું હતું. ગઈકાલે સવારે આ ઘટના બની હતી. બાપા સીતારામના મંદિરે મોટાપાયે ઉજવણીનું આયોજન હતું, ત્યાં ભરતભાઈ ખૂંટ ધજા ચડાવવા ગયા અને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા હતા. ઉત્સવનો માહોલ શોકમાં ફેરવાયો હતો અને ગ્રામજનોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જ્યારે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, ગઈકાલે અષાઢી બીજની ઉજવણી થઈ. લોધિકાના વિરવા ગામે પણ અષાઢી બીજ નિમિત્તે ગામમાં આવેલા બાપા સીતારામના મંદિરે ભવ્ય ઉત્સવ હતો. ગ્રામજનો અને ભાવિકો મોટી સંખ્યામાં અહીં ઉમટી પડ્યા હતા. ઉજવણીની શરૂઆત ધ્વજા રોહણથી થવાની હતી. જેથી ગામના યુવાનો મંદિર પર ચડવા માટે જઈ રહ્યા હતા.

તેમાંથી આગળ રહેલા ભરતભાઇ કડવાભાઈ ખૂંટ (ઉં. વ.૪૧, રહે. વિરવા ગામ) હોંશભેર મંદિર પર ચડ્યા અને ધ્વજાના દંડ પર ધ્વજા લગાવવા જતા હતા ત્યાં જ તેને જોરદારનો વીજ કરંટ લાગ્યો હતો. મંદિર પરથી પસાર થતા વીજ તારને અડી જતા વીજ કરંટ લાગ્યાની જાણ થતાં તુરંત વીજ સપ્લાય બંધ કરાવી હતી. જોકે ત્યાં સુધીમાં ભરતભાઇએ દમ તોડી દીધો હતો.

૧૦૮ એમ્બ્યુલન્સના ઇએમટીએ મૃત જાહેર કરત પોલીસે મૃતદેહ પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જાણવા મળેલી માહિતી મુજબ, ભરતભાઇ ખેતીકામ કરતા હતા. તેને સંતાનમાં ૨ પુત્ર અને ૨ પુત્રી છે. તેઓ ત્રણ બહેન અને બે ભાઈમાં નાના હતા. ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા બાળરોગ નિદાન - સારવાર કેમ્પ યોજાયો




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનનાં સંયુક્ત ઉપક્રમે ટ્રસ્ટના ભવન કિલ્લોલ, ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ઓફિસ સામે, ભાવનગર રોડ ખાતે હાલ ગાલપચોળિયાનું પ્રમાણ વધુ જોવા મળતું હોય ૧ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબી (M.M.R.)ની રસી મૂકવાનો તથા બાળકોને થતા વિવિધ રોગોનો વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાય ગયો.

આ ગાલપચોળિયા એક સામાન્ય રોગ ગણાય. આ રોગની અવેરનેસ ઓછી છે પણ તેની અસર બહુ ગંભીર હોય છે. તેના કારણે બાળકોમાં વિવિધ તકલીફ ઊભી થઈ શકે છે જેવી કે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડે, જમવામાં અરુચિ થાય, મગજ પર સોજો આવી શકે અને વધુ અસર થાય તો વંધ્યત્વ (ઈનફર્ટીલીટી)ની શક્યતા વધી શકે છે. આ રોગની રસીની કિંમત આશરે રૂ.૭૦૦ જેટલી હોય છે જે આજના આ કેમ્પમાં બિલકુલ વિનામૂલ્યે આપવામાં આવેલ છે. બાળકોના આરોગ્યની સુખાકારી માટે ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ લોકો વધુમાં વધુ જાગૃત થાય અને આજના આ કેમ્પનો ભરપૂર લાભ ઉઠાવે તેવી અપીલ કરવામાં આવેલ હતી.

કેમ્પની પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા ડો.નીરવભાઈ મોદી, ટ્રસ્ટના કાર્યકર્તા દિવ્યેશભાઈ અઘેરા, નીરદભાઈ ભટ્ટ, ડો.મીનલબેન ત્રિવેદી, રાજુભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરાવવા માટે ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, કો-ઓર્ડિનેટર સાગરભાઈ પાટિલ, કર્મચારીઓ શિતલબા ઝાલા, ધાનીબેન મકવાણા, દિપ્તીબેન ગરાચ, ડો.સલોનીબેન ડોડીયા, ડો.નેન્સીબેન ડોબરિયા, જાનકીબેન રામાણી, ડો.ધારા ચૌહાણ, ડો.નિરાલી સવાડિયા, ડો.ક્રિષ્ના ચાવડા, ડો.ગ્રીષ્મા માલવીયા, નયનાબેન ડાભી, સકીનાબેન અજમેરી વગેરેએ ભારે જહેમત ઊઠવેલ હતી.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં યુવાનનું હાર્ટએટેકથી મોત



રાજકોટ,તા.૮

યુવા વયે હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધ્યું છે ત્યારે, રાજકોટમાં યુવાન ખુરશી પર બેઠા - બેઠા જ બેભાન થઈ ગયો હતો. સારવારમાં ખસેડતા તેનું મોત નીપજ્યું હતું. હાર્ટ એટેકથી મોત થયાનું તારણ છે. સ્પષ્ટ કારણ જાણવા મૃતદેહ પીએમ અર્થે ખસેડાયો હતો.

બનાવની વિગત મુજબ, નરેન્દ્ર અમુભાઈ બાબરીયા (ઉં. વ.૩૫, રહે.વેલનાથપરા, મોરબી રોડ, રાજકોટ) ગઈકાલે રાત્રે ૮ વાગ્યે ખુરશી પર બેઠા હતા. ત્યારે અચાનક ખુરશી પર બેઠા બેઠા જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેને સારવારમાં ખસેડતા તબીબોએ મૃત જાહેર કરેલ. નરેન્દ્ર ૩ ભાઈ અને ૧ બહેનમાં ત્રીજા નંબરનો હતો. તે અપરણિત હતો.

છૂટક મજૂરી કામ કરતો હતો.પરિવારે કહ્યું કે તેને નશાની પણ ટેવ હતી. જેથી મૃત્યુનું સ્પષ્ટ કારણ જાણી શકાય તે માટે બી. ડિવિઝન પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. બનાવથી પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો અને શોક છવાયો હતો.

## અનુસંધાન પહેલા પાનાનું

### મુંબઈમાં ભારે વરસાદઃ ૬ કલાકમાં ૧૨ ઈંચ

જવાને કારણે રસ્તાઓ પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. એટલું જ નહીં રેલ વ્યવહારને પણ અસર થઈ છે. અનેક રૂટ પર ટ્રેનો રોકી દેવામાં આવી હતી. એટલું જ નહીં કેટલાક વિસ્તારોમાં શાળાઓ, કોલેજો અને ઓફિસો પણ બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.

### સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતમાં વરસાદના બે રાઉન્ડ આવવાની સંભાવના

ખાડીમાં બીજુ લો પ્રેસર પણ થશે તેની અસરથી તા.૨૦ જુલાઈ બાદ ફરી અષાઢી માહોલ જોવા મળશે. આમ ટૂંક માં તા.૧૬ જુલાઈ થી ૨૩જુલાઈ દરમ્યાન બે તબક્કામાં વરસાદના રાઉન્ડ આવશે.અષાઢી માહોલ જોવા મળશે.વધુ દિવસ પહેલા અંદાજ આપેલ હોય ૧-૨ દિવસ પ્લસ-માઇનસ થઈ શકે. માત્રને માત્ર ખેતીના આયોજન માટે અંદાજ આપેલ છે. ખરેખર કયાં કેવો વરસાદ કે શું થશે તેની વિગત રેગ્યુલર આગાહીમાં આપવામાં આવશે તેમ વેધરની ખાનગી સંસ્થાએ જણાવ્યુ છે.

### ૨૩ જુલાઈએ નિર્મલા સિતારામન બજેટ રજુ કરશે

આ માટે નવી ટેક્સ પદ્ધતિમાં બદલાવ શકય છે.જેનાંથી ખર્ચ કરવા લોકોના હાથમાં વધુ રકમ રહી શકે. સુત્રોના કહેવા પ્રમાણે સરકાર ૬૫ લાખ રૂપિયા સુધીનાં મકાનોને એફોર્ડેબલ હાઉસીંગમાં સામેલ કરી શકે છે. આ સિવાય આયુષ્યમાન મનરેગા, માર્ગ મકાનની યોજનામાં વધુ ફાળવણી કરી શકે છે.કૃષિક્ષેત્ર માટે ખાસ જોગવાઈ શકય છે.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### TRP ગેમઝોન અગ્નિકાંડના મૃતકના પરિવારે ગ્રાહક કોર્ટમાં રૂ.૨૦ લાખનો દાવો કર્યો

રેકર્ડ ઉપર લઈ આવી શકાય તે હેતુથી રાજકોટના કલેકટર, પોલીસ કમિશનર તથા મ્યુનિસિપલ કમિશનરને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા છે.

આ તમામ સક્ષમ સત્તાધિકારી તથા તેમની કચેરી દ્વારા કોઈની શેહ શરમમા આવ્યા વગર પૂર્ણ પ્રમાણિક અને પારદર્શક અભિગમ અપનાવી રેકર્ડ રજૂ કરવામા આવે છે કે કેમ તેના ઉપર રાજકોટ વાસીઓની મીટ મંડાઈ છે. ફરિયાદના કાર્યને સામાજિક ઉત્તરદાયિત્વ ગણી ફરિયાદીના એડવોકેટ ગજેન્દ્ર જાની દ્વારા કોઈ ફી લેવામાં આવશે નહીં.

### સાગઠિયા પાસેથી જપ્ત કરાયેલા સોનાને લઈ ACBની તપાસ

હાજરીમાં કરવી જરૂરી છે.

સાગઠિયાઅને તેના પરિવાર પાસે રહેલી મિલ્કતોની તપાસ કરવી જરૂરી છે. સાગઠિયાએ બે વિદેશ પ્રવાસ મહાનગરપાલિકાના ખર્ચે અને બીજા પ્રવાસ પરિવાર સાથે કર્યા છે તેની તપાસ થવી જરૂરી છે. સાગઠિયાની ઓફિસમાંથી મળેલી રકમ અને સોનાની ગણતરી માટે ૧૦ કલાક જેટલો સમય લાગ્યો છે ત્યારે આ સોનું અને રોકડ અંગે તપાસ કરવા સાગઠિયાની હાજરી જરૂરી છે.ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી મનપાના સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠિયા પાસેથી અત્યાર સુધીમાં ૨૮ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી છે.

રાજકોટ ACBમાં મનપાના ક્લાસ વન અધિકારી મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકત અંગે ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને સોમવારે રાતથી ACBની ટીમે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ટ્વીટ સ્ટાર ઓફિસમાં સીલ ખોલીને સર્ચ હાથ ધર્યું હતું. આ દરમિયાન ૫ કરોડ રૂપિયા રોકડા મળ્યા હતા, સાથે જ ૧ કરોડથી વધુની કિંમતનું સોનું પણ મળી આવ્યું હતું. ACBની ટીમ દ્વારા ૩ જેટલા બોક્સમાં રૂપિયા, સોનું, એક મોટી તિજોરી, પ્રિન્ટર સહિતના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા. ત્યારે આગામી દિવસોમાં સાગઠીયા વિરુદ્ધની તપાસમાં શું મોટા ખુલાસાઓ થાય છે તે જોવાનું રહેશે.

નોંધનીય છે કે, આ પહેલા ૧૯ જૂને એન્ટીકરપ્શન બ્યુરોએ સાગઠીયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને ૧૦ કરોડ ૫૫ લાખની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. આ સિવાય સાગઠીયાના ભાઈની રાજકોટ ખાતેની આવેલી ઓફિસ ઉપર પણ દરોડા પડ્યા હતા. ACB ના ડાયરેક્ટર સમશેરસિંગના માર્ગદર્શન હેઠળ જોઈન્ટડાયરેક્ટર બીપીન આહિરે સહિતનો સ્ટાફ ત્રાટકયો હતો. મનસુખ સાગઠીયા પાસે ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતીગ્રામમાં બંગલો મળી આવ્યો હતો.

જીલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતિની બેઠકમાં

# રૂા.૫૧.૮૫ કરોડના વિકાસ કામો મંજૂર

### બાંધકામના ૫ કામોના ૩૯ કરોડથી વધુના ટેન્ડર મંજૂર





તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતીની બેઠકમાં કુલ ૨૯ કામોની રૂ.૫૧.૮૫ કરોડના ટેન્ડર તથા વહીવટીના વિકાસના કામોની મંજુરી અપાઈ છે.

રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતિની બેઠકમાં કારોબારી ચેરમેન પી.જી.ક્યાડાના અધ્યક્ષ સ્થાને મળતા તેમાં વિકાસના કામોને મંજુરી મળેલ છે.

પંચાયત શાખા માટે ૨ નવા કોમ્પ્યુટર તેમજ ૧ સ્કેનર-કમ-પ્રિન્ટર ખરીદવા રૂ.૩,૦૦,૦૦૦ સુધીના ખર્ચ તેમજ પંચાયત વિકાસ સુચકાક (PDI) અંગે યોજાયેલ રિજિઓનલ વર્કશોપમાં જમવા અંગેના બીલ કુલ રૂ.૪૩,૦૬૫ ની મજુરી એમ કુલ રૂ.૩,૪૩,૦૬૫ ના ખર્ચની મંજુરી આપવામાં આવેલ છે.

મહેસુલ શાખા માટે ૧ નવું કોમ્પ્યુટર તેમજ ૧ નવુ પ્રીન્ટર ખરીદવા રૂ.૧,૫૦,૦૦૦ સુધીના ખર્ચ તેમજ વિંછીયા તાલુકાના ભોંયરા ગામના અરજદાર ખીમાભાઇ લાખાભાઇ બાવળીયાએ જાહેર હરરાજીથી લીધેલ પ્લોટની ૩/૪ રકમ ભરવા મુકત કોન્ડોન કરવા અંગેની મંજુરી આપવામાં આવેલ છે.

જમીન દબાણ શાખા માટે નવા કમ્પ્યુટર સેટ તથા નવા પ્રિન્ટરની ખરીદી કરવાની મજુરી આપવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લામાં બિન આદિવાસી વિસ્તારમાં ૭ (સાત) નવા પશુ દવાખાના સ્થાપવા બાબત તેમજ ત્રણ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોના સ્થળાંતર બાબતની મજુરી આપવામાં આવેલ છે.

જસદણ તાલુકાના ભાડલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટર અને રાજકોટ તાલુકાના સણોસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલ સ્ટાફ ક્વાર્ટર ડિસ્મેન્ટલ કરવા બાબતની મજુરી આપવામા આવેલ છે.

બાધકામના કુલ ૫ કામોના કુલ રૂ. ૩૯,૦૫,૧૦,૫૦૪ (ઓગણ ચાલીસ કરોડ પાંચ લાખ દસ હજાર પાંચસો ચાર) ના ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે.

આજની બેઠકમાં અધ્યક્ષ પી.જી.ક્યાડા, સચિવ અને જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તથા કારોબારી સમિતિના સભ્યઓ, જિલ્લા પંચાયત રાજકોટના શાખાધિકારીઓ હાજર રહેલ હતા.

## બાલભવન ખાતે વૃક્ષારોપણ કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

પ્રધાન મંત્રીની એક વૃક્ષ માતાને નામ પહેલ મુજબ પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન અને રાજકોટ ફાર્માસિસ્ટ એસોસિએશન અને કુમકુમ ગ્રૂપ અને સેવ સોઇલ વેલ્યુટીયરના સહિયારા પ્રયત્નોથી રોપા વિતરણ તેમજ બાલભવન ખાતે આવેલા વૃક્ષો જે સુકાઈ ગયેલ હતા તેવા તમામ વૃક્ષો તે જ જગ્યાએ ફરીથી વૃક્ષ રોપણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ દરમિયાન મેયર નયનાબેન પેઢડિયાએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી અને આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું. તથા ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા સંસ્થા કાર્યને આવકાર્યો હતો અને તેઓના હસ્તે રોપ વિતરણ તેમજ વૃક્ષો રોપણ કરવામાં આવ્યું હતું. આ રોપ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું અને દરેક લાભાર્થીને ઉછેર અને માવજત કરવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હિતેશ ત્રાડા, કૌશિક કપૂરીયા, ધવલ મોલીયા, સંકેત ગોંડલિયા, જયદીપ ડોડીયા, મનોજ પટેલ, જીજ્ઞેશભાઈ, પુજાબેન, દિવા, શાલીનભાઈ તેમજ ઘણા મિત્રોનો સાથ અને સહકાર મળ્યો હતો જેના કારણે આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો અને બહોળી સંખ્યામાં શહેરીજનોએ પણ તેનો લાભ લીધો હતો તેનો સવિશેષ આનંદ જતીન ભાઈ તારપરા, મનોજભાઈ પટેલ તથા હિતેશભાઈ ત્રાડાએ વ્યક્ત કર્યો હતો.

## વડિયા પાસે ચારણીયા ગામના પુલ પાસે જોવા મળ્યો દીપડો



(કિરીટ જોટવા દ્વારા)

વડિયા,તા.૮

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા થી જેતપુર તરફ જવાના મુખ્ય રસ્તા પર રાત્રીના સમયે એક વાહન ચાલાક પસાર થતા હતા ત્યારે ચરણીયા ગામ પાસે સુરવો નદી પર આવેલા પુલ પર દીપડા જેવું રાની પશુ દેખાતા તેમણે પોતાનું ફોરવિલ ધીમું પાડી કેમેરામાં કેદ કર્યો હતો અને એ અચાનક ભેટો નામથી વિડિઓ વાઈરલ થતા વડિયા, ચારણીયા, ચારણ સમઢીયાળા, હનુમાન ખીજડીયાના વિસ્તારમાં ખેતરોમાં વસવાટ કરતા ખેત મજૂરો, પશુ પાલન કરતા પશુ પાલકો અને આ વિડિઓ મુજબ એ ચારણીયા ગામની નજીક માનવ વસાહત પાસેનો વિડિઓ હોવાથી ચારણીયા વાસીઓમાં ફાફડાટ જાગ્યો છે. અને આ દીપડો કોઈ માણસ કે પાલતુ પશુને નુકશાન કરે તે પેહલા તેને પકડવાની માંગણી ખેડૂતો, ખેત મજૂરો અને પશુપાલકો તરફથી થતી જોવા મળી છે.

## અમરેલીઃ પોલીસ ચોકીને સળગાવી દેવાતા ચકચાર





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૮

અમરેલીમાં રહેતા એક આરોપીએ રાત્રી સમયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બહારપરા વિસ્તારમાં બનાવવામાં આવેલ સરકારી પોલીસ ચોકીને સળગાવી દેવાના ઈરાદાથી જાણી જોઈને એક પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ જેવુ જવલનશીલ પ્રવાહી લઈને આવી પોલીસ ચોકીની બહારની લોબીની ગ્રીલમાં લગાવેલ કાપડ પર તથા પગ લુછણીયા પર આ જવલનશીલ પ્રવાહી છાંટી બાકસની દિવાસળી વડે બહારપરા પોલીસ ચોકીમાં આગ લગાડી બહારપરા પોલીસ ચોકીની સરકારી મિલ્કતમાં આશરે રૂા.૩૫૦૦ નુ નુકશાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર અમરેલીમાં રહેતા આરોપી મયંક જગદીશભાઈ મહેતાએ ગત તા.૬ ના રાત્રીના આશરે પોણા દસેક વાગ્યા આસપાસ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બહારપરા વિસ્તારમાં બનાવવામાં આવેલ સરકારી પોલીસ ચોકીને સળગાવી દેવાના ઈરાદાથી જાણી જોઈને એક પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ જેવુ જવલનશીલ પ્રવાહી લઈને આવી પોલીસ ચોકીની બહારની લોબીની ગ્રીલમાં લગાવેલ કાપડ પર તથા પગ લુછણીયા પર આ જવલનશીલ પ્રવાહી છાંટી બાકસની દિવાસળી વડે બહારપરા પોલીસ ચોકીમાં આગ લગાડી બહારપરા પોલીસ ચોકીની સરકારી મિલ્કતમાં આશરે રૂા.૩૫૦૦ નુ નુકશાન કરી આરોપી નાસી ગયો હતો. પરંતુ આજુબાજુમાં રહેતા લોકો એકઠા થઈ જતાં આગને બુઝાવી દીધી હતી.

આ બનાવની જાણ પોલીસના આલાઅધિકારીઓને કરવામાં આવતાં પોલીસ અધિકારીઓ બહારપરા પોલીસ ચોકીએ દોડી આવ્યા હતા. અને આ બનાવમાં પોલીસે આરોપી મયંક જગદીશભાઈ મહેતા વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૨૬(જી), ૩૨૪(૩) તથા ધ પ્રિવેન્સીંગ ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ કલમ ૪ મુજબ અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધી આરોપીને ઝડપી લીધો હતો.

## ધારીનાં લાઈનપરાનાં વાડી વિસ્તારમાં કૂવામાં ખાબકતા એક સિંહણનું કમકમાટીભર્યુ મોત

### ખુલ્લા કૂવા બાંધવા માટે મળતી સરકારી સહાયનો લાભ સૌએ લેવો જોઈએ



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૮

ધારી નજીક આવેલ લાઈનપરા વાડી વિસ્તાર એવા કૃષિશાળાની પાછળ આવેલ વાડીના ખુલ્લા કુવામાં આજે એક સાથે બે સિંહણ ખાબકી હતી. આ બંને સિંહણ પોતના ગૃપ સાથે આજુબાજુના જંગલ વિસ્તાર તથા રેવન્યુ વિસ્તારમાં વસવાટ કરતી હતી આ ગૃપમાં કુલ સાત સિંહણ હતી. આ બંને સિંહણની ઉંમર આશરે ૨ થી ૩ વર્ષની હતી. આજે વહેલી સવારે બંને સિંહણ કોઈ પણ કારણસર શિકાર પાછળની દોડમાં અથવા તો અન્ય કારણથી આ ખુલ્લા કુવામાં ખાબકી હતી જેમાં એક સિંહણનું કુવાની અંદર મોત નિપજયુ હતુ. આ સિંહણ કુવામાં ઈજાગ્રસ્ત થઈ હોય મોત થયુ હતુ .જયારે અન્ય સિંહણ જે કુવામાં હોવાની જાણ થતા વનવિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આ સિંહણનું કુવામાંથી રેસ્કયુ કરી બચાવી લેવાઇ હતી. જેને સફારી પાર્ક ખાતે ઓબઝરવેશન હેઠળ રાખવામાં આવી છે. સ્વસ્થ થયા બાદ તેને તેના ગૃપ પાસે છોડી દેવામાં આવશે.

બીજીતરફ ખુલ્લા કુવામાં પડતા વધુ એક એશયાટીક લાયનનુ મોત થતા વનપ્રેમીઓમાં ભારે દુઃખની લાગણી ફેલાઈ હતી તેમજ જંગલ વિસ્તાર આજુબાજુના વિસ્તારને ખુલ્લા કુવામાં પારાપેટ બાંધવી ખુબ જરૂરી છે. કારણ કે સિંહો માટે ખુલ્લા કૂવા અતી જોખમી હોય છે જે દિશામા જરૂરી કાર્યવાહી ઇચ્છનીય છે. ખુલ્લા કુવા સિંહો માટે યમરાજ સમાન ધારી નજીક ખુલ્લા કુવામાં મોતને ભેટતા સિંહણનું મોત નિપજયુ હતુ. આ અંગે વનવિભાગ સામે ચોક્કસ સવાલો ઊભા થાય છે કારણ કે વર્ષોથી ખુલ્લા કુવામાં પડી સિંહો મોતને ભેટે છે તે દિશામાં ચોક્કસ કે નક્કર કામગીરી કયારેય થઈ નથી. જો જંગલ આજુબાજુના ખેડુતો પણ કુવા પર પારાપેટ બાંધે તો આ મોત ચોક્કસ ઘટી શકે છે. જે અંગે વનવિભાગે પણ અભિયાન હાથ ધરવુ જરૂરી છે.

ખુલ્લા કુવા બાંધવા સરકારની મદદમળે છે જંગલ વિસ્તાર આજુબાજુમાં ખુલ્લા કુવા બાંધવા સરકાર દ્વારા આર્થિક સહાય મળે છે. આ અંગે સરસીયા આર.એફ.ઓ. એ જણાવ્યુ કે અગાઉ અમારા દ્વારા ખુલ્લા કૂવા અંગે જાગૃતતા ફેલાવવા પત્રિકાનુ વિતરણ કરી ૮૦ જેટલા ખુલ્લા કુવા બંધાવ્યા હતા. આ અંગે સરકાર દ્વારા પણ ૯૦% જેટલી સહાય આપવામાં આવે છે.

## અમરેલી જિલ્લામાં આડેધડ ઉભી થતી પવનચક્કીઓને અટકાવો

### સત્તાધારી પક્ષનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનો વહીવટીતંત્ર સામે ગંભીર આક્ષેપ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૮

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ જિલ્લામાં ચાલી રહેલ ગેરકાયદેસર પવનચક્કીઓના કામો બંધ રખાવવા બાબતે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાનાં જવાબદાર આગેવાનોને અપીલ કરતા જણાવેલ છે કે બે દિવસ પહેલા બાબરા તાલુકામાં પવનચક્કી તૂટવાનો બનાવ બનવા પામેલ છે જે અતિ ગંભીર બાબત છે. આજે તંત્ર દ્વારા બાબરા, લાઠી, સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલા એમ અનેક તાલુકાઓમાં પવનચક્કીઓ ઉભી કરવા માટેની આડેધડ મંજૂરી આપવામા આવી રહી છે. ત્યારે કંપની કે સ્થાનિક કોન્ટ્રાકટરો દ્વારા આવી પવનચક્કીઓ ગામની નજીક, સ્કૂલની નજીક, ખેડૂતોના વર્ષો જુના વાડી રસ્તાઓમાં ઉભી કરવામાં આવે છે. જેના લીધે ગામ લોકો, બાળકો અને ખેડૂતોને ખૂબ જ મુશ્કેલીઓ પડે છે. આ બાબતે અનેક વખત લેખિતમાં રજૂઆતો કરેલ હોવા છતાં તેમજ જિલ્લા સંકલન સમિતિ બેઠકમાં પ્રશ્નો ઉઠાવ્યા હોવા છતાં તંત્ર તરફથી કોઈ નિર્ણય લેવામાં આવતો નથી. ભવિષ્યમાં ગમે ત્યારે મોટા અકસ્માતો સર્જાશે ત્યારે તંત્ર ઘોર નિંદ્રામાંથી જાગશે.

આજે સાવરકુંડલા તાલુકાનાં છાપરી ગામી તદન નજીક પવનચક્કી ઉભી કરવામાં આવેલ છે જેના લીધે લોકો રાત્રે સરખી રીતે ઉંઘી પણ શકતા નથી તેટલો અવાજ આવે છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી. તેવી જ રીતે બાબરા વિસ્તારમાં પવનચક્કી તદન સ્કૂલની બાજુમાં પાછળના ભાગે ઉભી કરવામાં આવી છે.

તંત્ર તરફથી પવનચક્કી ઉભી કરવા માટે ગૌચરની જમીન કે સરકારી જમીન અથવા જયાં જમીન ફાળવેલ હોય ત્યાં નહી પરંતુ કંપની અને કોન્ટ્રાકટરોને સરળ અને સારૂ લાગે ત્યાં પવનચક્કીઓ ઉભી કરી દેવામાં આવી રહી છે. ગમે ત્યાં પોલ ઉભા કરી દેવામાં આવે છે. ખેડૂતોની માલીકીના ખેતરમાં, રસ્તામાં, ખેડૂતોનો પાક ઉભો હોય તો ખેડૂતોને પુછયા વગર ખુલ્લી દાદાગીરીથી આ બધા કામો થઈ રહ્યા છે. એવી અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરેલ છે છતાં તંત્ર ઘોર બેદરકારી દાખવી રહ્યુ છે.

પૂર્વ સાંસદે વધુમાં જણાવેલ છે કે, આવા બિનઅધિકૃત કામોમાં કોઈ ખેડૂત વિરોધ કરે તો તુરત જ સ્થાનિક માથાભારે કોન્ટ્રાકટરો ધ્વારા સ્થાનિક પોલીસને બોલાવી ખેડૂતોને પોલીસ સ્ટેશને લઈ જઈને ધમકાવવામાં આવે છે અને બિનઅધિકૃત કામો કરવામાં આવે છે. સૌની યોજનાની લાઈન હોય, જેટકોની લાઈન હોય, પાણી પુરવઠાની લાઈન હોય, ગેસની લાઈન હોય કે પછી અન્ય યોજનાની લાઈન હોયતેમાં ખેડૂતોને ખૂબ જ ઓછું વળતર આપવામાં આવ્યું હોય છે અથવા તો વળતર જ આપવામાં આવેલ નથી હોતું. આ બધી લાઈનો માટે સરકાર તો પુરૂ વળતર આપે છે પરંતુ કોન્ટ્રાકટરો ખેડૂતોને વળતર આપતા નથી અને ખેડૂતોનું વળતર સ્થાનિક કોન્ટ્રાકટરો જ ખાય જાય છે.

ઉપરાંત માથાભારે કોન્ટ્રાકટરો અમુક લાઈન નાખ્યા પછી વધારાની માટે પણ ખેડૂતોના ખેતરમાં એમની એમ જ રહેવા દે છે જેના લીધે પાછળથી ખેડૂતોને જ માટી હટાવવી પડે છે. વરસ વરસ સુધી ખેડૂતોના ખેતરમાં પાઈપ લાઈનો પડી રહેતી હોય, ગટર ખોદી નાખી હોય તેવા સંજોગોમાં ખેડૂતો વાવણી પણ કરી શકતા નથી. સ્થાનિક કોન્ટ્રાકટરો દ્વારા રસ્તાઓ બંધ કરી દીધા હોવાના કેસો પણ પુષ્કળ બને છે. વર્તમાનમાં સમગ્ર અમરેલી જિલ્લામાં આવા અનેક પ્રશ્નો ઉભા છે. તો આવા પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તેવી જિલ્લા વહીવટીતંત્ર અને જવાબદારી નિભાવતા આગેવાનોને પૂર્વ સાંસદે અપીલ સહ અરજ કરેલ છે.

## જસદણ હવેલીમાં રથયાત્રાના દર્શન યોજાયા



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૮

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિધ્ધ જસદણની શ્રીનાથજી હવેલીમાં અષાઢી બીજના દિવસે રથયાત્રા દર્શન યોજાયા હતા. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશીએ રથયાત્રાના દર્શન બાદ બપોરે ઠાકોરજીની આરતી ઉતારી હતી. મોટી સંખ્યામાં વૈષ્ણવએ દર્શનનો લાભ લીધો હતો તેમ જસદણ હવેલી પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.

## શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘના આંગણે ચાતુર્માસ પધરામણી પ્રસંગે ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાયા

### ૧૩૯૬ ભાઈ-બહેનોએ સ્વામી વાત્સલ્યનો અને ૧૦૮૪ ભાવિકોએ નવકારશીનો લાભ લીધો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

કાલાવાડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘના પુનિત આંગણે, નિર્માણાધિન નૂતન જિનાલય શ્રી જયાનંદ ધામ (નવ ગ્રહ જિનાલય)માં બિરાજમાન થનાર પરમાત્મા, ગણધર અને દેવ-દેવીઓની પ્રતિમાઓનો નગર પ્રવેશ પ.પૂ. આચાર્યદેવશ્રી આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ સંવત ૨૦૮૦ ના અષાઢ સુદ બીજ ને રવિવાર તા.૭-૭ ના પરમકૃપાશિષ પૂ. યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા., શતાવધાની આ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા., ચાતુર્માસ પુનિત પધરામણી પૂ. આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા, પૂ. મુનિ શ્રી મતિપૂર્ણવિજયજી મ., પૂ. સાધ્વી શ્રી અર્હતકલાશ્રીજી મ., પૂ. સાધ્વી શ્રી નમ્રકલાશ્રીજી મ., પ્રવેશ અવસરે ઉપસ્થિત પૂ. સાધ્વીજી શ્રી દિવ્યાશ્રીજી મ. સા. હાજર રહેલ. નવકારશીમાં ૧૦૮૪ ભાવિકોએ લેન્ડમાર્ક બિલ્ડીંગ, લીબુંડીવાડી મેઈન રોડ ખાતે લાભ લીધેલ. ત્યારબાદ પ્રવેશયાત્રાનો પ્રારંભ થયેલ. ચાતુર્માસ પ્રવેશ સવારે ૧૦ કલાકે થયેલ. ભવ્યાતિભવ્ય વરઘોડો કે જેમાં બાઇક સવારો, બાળકો અને ઘોડાવાળા ભાઈઓ પાસે શાસન ધ્વજ સાથે કળશધારી બહેનો, ૨૦ ભગવાનના રથ જેમાં નવ પરમાત્મા બે ગણધર ભગવાન આઠ દેવ દેવીઓ એક ગુરુ મહારાજ નો સમાવેશ કરવામાં આવેલ. વરઘોડામાં પૂજ્ય ગુરુ ભગવંતોની આગળ બેન્ડ પાર્ટી શ્રાવક શ્રાવિકાઓ સાથે ડોમમાં ખૂબ જ ઉત્સાહ થી પ્રવેશ થયેલ ત્યાં પ્રવેશની વિધિ કરવામાં આવેલ ત્યારબાદ ગુરુવંદન, પ્રાસંગિક પ્રવચન, મોટી શાંતિ, ઉછામણી અને ચાતુર્માસ દરમિયાન સિદ્ધિ તપ, ઉપધાન, ૧૧ શનિવાર મુનિસુવ્રત સ્વામી ૧૦૮ અભિષેક, ચાતુર્માસ બાદ જ્યાનંદ ધામમાં ૧ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવશે. જેની જાણકારી આપવામાં આવેલ. પૂ. શ્રી નો ચતુર્માસ પ્રવેશ કાર્યક્રમ સંપન્ન થયેલ અને ભાવિકોને ચાતુર્માસનું પ્રથમ માંગલિક સંભળાવેલ અને ચાતુર્માસની શુભ શરૂઆત કરવામાં આવેલ. નવકારશીના લાભાર્થી શ્રી રંજનબેન રમેશચંદ્ર શાહ (લોદરીયા) પરિવાર, દિવ્યાબેન કેતનભાઈ શાહ, રાજેશ્રીબેન તરૂણભાઈ શાહ, અમિતાબેન સંજયભાઈ શાહ, ભાવિનીબેન સંજયભાઈ પટેલ હતાં કાર્યક્રમ પૂર્ણ થયે પધારેલ ૧૩૯૬ ભાવિકોએ સ્વામિવાત્સલ્યનો લાભ લીધેલ. જે અંગેની માહિતી કાલાવડ રોડ શ્વેતાં. મૂર્તિ. જૈન તપગચ્છ સંઘ-રાજકોટનાં મહેશભાઈ મણીયાર ૯૪૨૭૭૨૦૩૩૧, નિતેશભાઈ શાહ ૯૭૨૪૮૨૦૨૧૬, વિપુલભાઈ દોશી ૯૨૨૮૭૬૫૬૮૮ એ જણાવેલ છે.

## રોટરી કલબ ઓફ અંકલેશ્વર દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો




(વિજય પટેલ દ્વારા)

પર્યાવરણની જાળવણી તથા ધરતીને હરિયાળી બનાવવાનાં ભાગરૂપે રોટરી કલબ ઓફ અંકલેશ્વર દ્વારા ઝઘડિયા જીઆઇડીસી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વન સંરક્ષણ અધિકારી હેમંત કુલકર્ણીની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ અંકલેશ્વર અંકલેશ્વરનાં પ્રેસિડન્ટ સુનિલ નેવે, સેક્રેટરી વલ્કેશ પટેલ, ઈનર વ્હીલ પ્રેસિડન્ટ હર્ષા જકાસણીયા, પ્રોજેક્ટ ચેરમેન સંજય કોકરે, કો-પ્રોજેક્ટ ચેરમેન અમૃત સાલુંકે, રોટરેક્ટ કલબ, નિરમા યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ સહિત સિનિયર રોટેરિયનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# શરદી-ઉધરસના ૧૦૭૬, ઝાડા-ઉલ્ટીના ૨૯૬ કેસ નોંધાયા

## મનપાના ચોપડે ટાઈફોડ તાવના ૪, કોલેરાના ૨ કેસ નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮





રાજકોટ મહાનગર પાલિકાના ચોપડે તા.૧-૭ થી ૭-૭ સુધીમાં શરદી-ઉધરસના ૧૦૭૬, સામાન્ય તાવના ૪૭૬, ઝાડા-ઉલ્ટીના ૨૯૬, ટાઈફોઈડ તાવના ૪, કેસ નોંધાયા છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧-૭ થી તા.૭-૭ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિતની ૩૬૦ ટીમો દ્વારા ૧,૦૮,૨૨૦ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૩૧૭ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૯૮ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૦૦ અને કોર્મશીયલ ૪૩૧ આસામીને નોટીસ આપવામાં આવેલ તથા રૂા.૨૯,૩૦૦ નો વહિવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

### ડેન્ગ્યુ મેલેરિયા અટકાયતી માટે આટલું જરૂરી કરીએ

(૧) પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષાની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખીએ. હવાચૂસ્ત ઢાંકણ ન હોય તો કપડાથી હવાચુસ્ત ઢાંકીને રાખીએ.

(૨) પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરીએ.

(૩) ફ્રિજની ટ્રે, માટલા, કુલર, ફુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરીએ.

(૪) બિનજરૂરી ડબ્બાડુબ્લી, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરીએ.

(૫) અગાશી, છજજામાં જમા રહેતા પાણીનો નિકાલ કરીએ.

(૬) છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણોનો નિકાલ કરીએ.

(૭) ડેન્ગ્યુનો મચ્છર દિવસે કરડતો હોવાથી દિવસ દરમ્યાન પુરૂ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા.

# સમસ્ત ચારણીયા સમાજ દ્વારા અષાઢી બીજે ઉજવાયો પ્રાગટય મહોત્સવ









### રાજકોટમાં આઈશ્રી પૂ. નાગબાઈ માતાજીની વિરાટ પ્રતિમા સાથે નિકળી ભવ્ય શોભાયાત્રા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮

રાજકોટમાં ચારણીયા સમાજ આયોજીત ભવ્ય શોભાયાત્રાનો રવિવારે સવારે ૧૦ વાગ્યે કિસાનપરા ચોકથી પ્રારંભ થયો હતો. ભવ્ય શોભાયાત્રામાં પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માતાજીની ફણીધર નાગ સાથેની ૧૪ ફૂટ ઉંચી વિરાટ અને દિવ્ય પ્રતિમા અનેરા આકર્ષણનું કેન્દ્ર બની હતી. ચારણીયા સમાજનાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિ-સમાજનાં સામાજિક આગેવાનો અને રાજકીય અગ્રણીઓ, સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓનાં હોદેદારો વગેરેએ ખાસ ઉપસ્થિત રહીને શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પૂ. શ્રીનાગબાઈ માતાજીની વિરાટ પ્રતિમાનાં પુજન-અર્ચન બાદ ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન પામીને જિલ્લા પંચાયત ચોકથી યાજ્ઞિક રોડ થઈ માલવિયા ચોકથી ત્રિકોણબાગ થઈને જવાહર રોડ પર જયુબેલી ચોકથી આગળ આર.ડી.સી. બેન્ક રોડ થઈ ચૌધરી હાઈસ્કૂલ ચોકથી બહુમાળી ભવન થઈ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે બપોરે સંપન્ન થઈ હતી. શોભાયાત્રાનાં આખા રૂટ ઉપર આઈભક્તિનાં રંગો રેલાયા હતા. ઠેર-ઠેર વિવિધ જ્ઞાતિ-સંગઠનો દ્વારા શોભાયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભવ્ય શોભાયાત્રામાં સૌથી આગળ બુલેટ બાઈક ઉપર વિરાટ ધર્મધ્વજ સાથે ચારણીયા પહેરવેશમાં યુવાનો રહ્યા હતા. તેમની પાછળ સુશોભિત ભવ્ય રથમાં પૂ. શ્રીનાગબાઈ માતાજીની ૧૪ ફૂટ ઉંચી દિવ્ય પ્રતિમા બીરાજમાન રહી હતી. આ રથયાત્રામાં શાનદાર ડી.જે.નાં સુર-તાલે આધ્યશકિત જગદંબાની ગરબાવલીની સંગાથે ચારણીયા સમાજની વિખ્યાત રાસ મંડળીઓએ જબરું આકર્ષણ જમાવ્યું હતું. આ સાથે રથયાત્રામાં ૫૧ ભગવી ધ્વજા સાથેનાં યુવાનોએ ધર્મભક્તિનો માહોલ સર્જી દીધો હતો. આ શોભાયાત્રામાં પરંપરાગત ચારણીયા પહેરવેશ સાથે વડીલો તો ઠીક યુવાનો, બાળકો, યુવતીઓ, મહિલાઓએ પણ મોટી સંખ્યામાં જોડાઈને જબ્બર આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત કેટલાક નાના ભુલકાઓને હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓની વેશભૂષામાં તૈયાર કરીને ભવ્ય શોભાયાત્રાને દિવ્ય બનાવાઈ હતી. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય શોભાયાત્રાનું સમાપન થયા બાદ સમુહ મહાપ્રસાદ પણ યોજાયો હતો.

રાજકોટ, અમદાવાદ, હાલાર, પાંચાળ, સોરઠ, કચ્છ ઉપરાંત છેક રાજસ્થાન અને મહારાષ્ટ્રથી પૂ. શ્રીનાગબાઈ માતાજીનાં જન્મોત્સવમાં નાનકડા નેશડાથી લઈને મોટા મહાનગર સુધીનાં વિસ્તારોનો ચારણીયા સમાજ મોટી સંખ્યામાં ઉમટી પડયો હતો. સમસ્ત ચારણીયા સમાજનાં યુવાનો દ્વારા પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માઁનાં પ્રાગટય મહોત્સવની છેલ્લા બે મહિનાથી થયેલી ભારે જહેમત ખુબ સફળ રહી હતી. તેમ જણાવ્યું છે.

# સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાયું, હરિદ્વારમાં વિસર્જન કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮









રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ રવિવારે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાયો હતો. મૃતકોના તમામ સ્વજનોને સરગમ ક્લબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી રવિવારે અસ્થી પૂજન માટે બોલાવાયા હતા. જેમાંથી ૧૨૦૦ જેટલા લોકો અસ્થી પૂજનમાં ઉપસ્થિત રહ્યા હતા.

કુલ ૨૫૦૦ અસ્થિઓનું પૂજન કરાયું હતું. સરગમ ક્લબ આગામી તારીખ ૯ મી જૂલાઈ આ તમામ અસ્થિઓનું વિસર્જન કરવા હરિદ્વાર રવાના થશે. અને ૧૧ મી જૂલાઈ એ દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, જગદીશભાઈ કિયાડા, સુરેશભાઈ દ્રેત્રોજા, દીપકભાઈ શાહ, જયસુખભાઈ ડાભી, કનૈયાલાલ ગજેરા, પંકજભાઈ રાઠોડ, હરેશભાઈ છોટાળા, ગુણવંતભાઈ ભટ્ટ, મનમોહનભાઈ પનારા, નરેન્દ્રભાઈ આડેસરા, કિરીટભાઈ આડેસરા, ધીરુભાઈ હિરાણી, રાજેન્દ્રભાઈ શેઠ, લેડીઝ ક્લબમાં જયશ્રીબેન વ્યાસ, ગીતાબેન હિરાણી, દેવાંશીબેન શેઠ, જસુમતીબેન વસાણી, અલ્કાબેન ધામેલીયા, નીતાબેન પરસાણા, ભાવનાબેન મહેતા, હીનાબેન પારેખ, નીતાબેન પરસાણા, કૈલાશબા વાળા, દિવ્યાબેન ઉમરાણીયા, નીશાબેન ખંધેડીયા, મીનાબેન ડોડીયા, નિશાબેન વાઘેલા તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળેલ.

## રાજકોટ નગર રચના અધિકારી-૧ની કચેરી નાના મવા સર્કલ ખાતે બદલાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮

રાજકોટ નગર રચના યોજનાના નગર રચના અધિકારી-નગર નિયોજક-૧ના કાર્યક્ષેત્રમાં આવતી કચેરીઓની બેઠક વ્યવસ્થા (સરનામું) બદલાયુ છે. જે મુજબ, ૧. ન.ર.યો. (મવડી), ૨. ન.ર.યો.- (રૈયા પ્રથમ ફેરફાર), ૩. ન.ર.યો. ૧૯ (મુંજકા), ૪. ન.ર.યો. ૩૧ (રાજકોટ), ૫. ન.ર.યો. ૨૪ (મોટામવા), ૬. ન.ર.યો. ૨૩ (મોટામવા), ૭. ન.ર.યો. ૩૬/૩ (ઘંટેશ્વર પીપળીયા), ૮. ન.ર.યો. ૪૩ (વાજડીવડ), ૯. ન.ર.યો. ૧ (રૈયા-બીજો ફેરફાર), ૧૦. ન.ર.યો. ૭૭ (વાજડીગઢ) - આ તમામ નગર રચના યોજનાની બેઠક વ્યવસ્થા જુના રૂડા બિલ્ડિંગ ખાતેથી તા. ૨ જુલાઈના રોજથી ખસેડીને આર.એમ.સી. મલ્ટિ એક્ટિવિટી સેન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે તબદીલ કરવામાં આવી છે. હવેથી આ કચેરીઓનો નવા સરનામે સંપર્ક કરી શકાશે, તેમ નગર નિયોજક-૧, નગર રચના અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## ત્રણ-ત્રણ ઈન્ચાર્જ કુલપતિ બદલ્યા, કાયમી કુલપતિ મળતા નથી: યશવંત જનાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજનાં સ્થાપક ટ્રસ્ટી અને માનદ ચેરમેન યશવંતભાઈ જનાણીએ રાજ્યનાં મુખ્યમંત્રી અને ઉચ્ચ શિક્ષણમંત્રીને અનુરોધ કરતા જણાવેલ કે જો તમે શિક્ષણ ક્ષેત્રે પારદર્શક વહીવટનો દાવો કરતા હોય તો સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને કાયમી કુલપતિ કેમ આપતા નથી? આ યુનિવર્સીટીમાં છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જ કુલપતિનો વહીવટ ચાલે છે. ત્રણ-ત્રણ ઈન્ચાર્જ કુલપતિ બદલ્યા પરંતુ કાયમી કુલપતિ મળતા નથી.

સૌરાષ્ટ્રનાં શિક્ષણ જગતને આ યુનિવર્સીટી માટે કાયમી કુલપિત જોઈએ છે. તે અંગે તાકીદે નિર્ણય લેશો અને માનો કે એક સર્ચ કમિટીની રચના રદ કરી હોય તો બીજી સર્ચ કમિટીની ઉપરાઉપરી બેઠક બોલાવી ગુજરાત સરકાર માટે કાયમી કુલપતિનું પદ ભરવા ક્ષમતા છે તેમ અમે માનીએ છીએ. અહિયાં આશ્ચર્ય એ થાય છે કે ગુજરાત સરકાર રાતોરાત સીન્ડીકેટ અને એકેડમીક કાઉન્સિલને વિખેરી શકતી હોય તો આ પદ ભરવા કોની રાહ જુએ છે?

આ ઉપરાંત યશવંત જનાણીએ જણાવ્યું હતું કે નવી શિક્ષણનીતિમાં સીન્ડીકેટ અથવા એજ્યુકેટીવ કાઉન્સિલની રચના કરવા ચૂંટણી ન થાય તેવો કોઈ નિર્દેશ નથી. નવા નેતૃત્વનાં નિર્માણ યુનિયન માટે વર્ષો પહેલા કોલેજ અને યુનિવર્સીટી વિદ્યાર્થી યુનિયનની ચુંટણી દ્વારા રચના કરવામાં આવતી હતી તે રદ કરવામાં આવેલ અને હવે તમામ સરકારી બિન સરકારી યુનિવર્સીટીમાં સીન્ડીકેટ અને એકેડમિક કાઉન્સિલની ચુંટણી રદ કરવામાં આવેલ છે જેના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોય કે અન્ય યુનિવર્સીટી હોય તેમાં તમામ પદ નિયુક્તિથી ભરવામાં આવતા હોય જેના કારણે કોઈ અનુભવી અને નિષ્ણાંત તથા વ્યક્તિ વિશેષ પ્રાધ્યાપકોને સ્થાન મળતું નથી જે શિક્ષણ જગતની ખૂબ જ ખરાબ પરિસ્થિતિ દર્શાવે છે. આથી રાજ્ય સરકારે તેનો નિર્ણય બદલી સૌન્ડીકેટની હોય કે એજ્યુકેટીવ કાઉન્સિલ હોય તેની ચુંટણી તાત્કાલિક જાહેર કરવી જોઈએ.

શિક્ષણ જગતની ખરાબ હાલત માટે રાજ્ય સરકારનું શિક્ષણ તંત્ર જવાબદાર છે. કારણ કે ભાવનગર, વલ્લભ વિદ્યાનગર જેવી યુનિવર્સીટીઓમાં કાયમી કુલપતિની પોસ્ટ ભરવામાં આવતી નથી. આ ઉપરાંત યુનિવર્સીટીનાં રજીસ્ટ્રાર હોય કે પરીક્ષા નિયામક બધું ઈન્ચાર્જથી ચાલે છે. તે માટે શિક્ષણ જગત જુનાગઢ, શરમજનક પરિસ્થીતીમાં મુકાયેલ છે તેનું અમે મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીનું ધ્યાન દોરીએ છીએ.

### ઓખા શહેર ભાજપ દ્વારા

## ડો.શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર,તા.૮: ડો.શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિતે ઓખા શહેર ભાજપ દ્વારા ૮૨ વિધાનસભાના ધારાસભ્ય પબુભા વિરમભા માણેકના અધ્યક્ષ સ્થાને વિચારગોષ્ટી તથા પુષ્પાંજલિનો કાર્યક્રમ કરવામાં આવેલ. આ તકે ૮૨ વિધાનસભાના ધારાસભ્ય પબુભા વિરમભા માણેક, દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મોહનભાઈ બારાઈ, દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ વિશાલ પીઠીયા, દેવભૂમિ દ્વારકા જિલ્લા મહીલા મોરચાના ઉપપ્રમુખ રક્ષાબેન જોષી,ઓખા શહેર ભાજપના મહામંત્રી મુકેશભાઈ પાંજરીવાલા,લઘુમતી મોરચાના મહામંત્રી ફિરોઝભાઈ કુરેશી, ઓખા નગરપાલીકા સદસ્ય પ્રતિનિધિ સુભાષભાઈ થોભાણી, ઓખા નગરપાલીકા સોનલબેન, ઓખા શહેર યુવા મોરચાના પ્રમુખ રવિભાઈ વારા તેમજ કાર્યકરો હાજર રહ્યા. આ તકે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મોહનભાઈ બારાઈ દ્વારા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ડો.શ્યામા પ્રસાદ મુખર્જીએ કાશ્મીર માટે આપેલ બલિદાનની જીવનગાથા વિશે વિસ્તૃત માહિતી આપેલ.

## સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮



રાજકોટ જીલ્લાના ઉપલેટામાં શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલેટા પંથકને લીલુછમ અને હરિયાળું બનાવવા માટે વિનામૂલ્યે સામાજીકની કરણ રેંજના સહયોગથી રોપાનું સરદાર પટેલ ટાઉન હોલ ખાતે આષાઢી બીજની પૂર્વ સંધ્યાએ વિનામુલ્યે, વિતરણ કરવામાં આવેલ જેનો લાભ લેવા શહેરીજનો વિશાળ સંખ્યામાં લાભ લેવા ઉપસ્થિત રહ્યાં આ અંગે વધુ માહિતી આપતા ટ્રસ્ટના જયેશભાઈ ત્રિવેદીએ જણાવેલ કે પૃથ્વી પર વસવાટ કરતી તમામ જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આજના સમયે પર્યાવરણને બચાવવું ખુબજ જરૂરી આવશ્યક છે. ભુતકાળમાં ઓકસીજનની તંગી ઉભી થયેલ હતી. એવી જ રીતે ગરમીથી બચવા માટે અને જીવ સૃષ્ટિના બચાવ માટે પયોવરણ આપને બચાવતું આવ્યું છે. અને આજે તેમને ટકાવી રાખવા માટે વૃક્ષોના. વાવેતર થકીજ આ વસ્તુ શક્ય બનશે. તેવા સંકલ્પો સાથે એક પેડ઼માં કે નામ આપેલ છે. જેમાં કરંજ, કંનજી, લીમડો.સરગવો, જામફળ, ચીકુ, બોરસલી, ગુલાબ, દાલમ, લીંબુ, ઉમરો જેવા રોપાનું વિતરણ કરવામાં આવેલ હતું અને

આશરે ૨૨૦૦ જેટલા રોપાનું વિતરણ કરવામાં આવેલ જેમાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા. જીલ્લા મંત્રી રવિભાઈ માકડિયા, ફોરેસ્ટનાં બ્રીજેશભાઈ બારૈયા. ગોપાલભાઈ ભરાડ. અશોકભાઈ શેઠ, દેવેનભાઈ ધોળકિયા, વિનુભાઈ ઘેટીયા, કિરીટભાઈ પાદરીયા, દાનભાઈ ચંદ્રવડીયા હાજર રહેલ.

આ તકે વન વિભાગ મોનાલીબેન કચોટ તેમજ સીધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે સંકળાયેલ આ પંથક નાં સેવાભાવી એવા જયેશભાઈ ત્રીવેદી, ભાવેશભાઈ સુવા, વિક્રમસીંહ સોલંકી, વિપુલભાઈ બારૈયા, પુષ્પાબેન ભારાઈ, રસીકભાઈ લાલાણી, દીલીપભાઈ સોલંકી, રઘુભા સરવૈયા, ડી કે જાડેજા. કૃષ્ણસિંહ વાઘેલા, સુરેશભાઈ પરમાર, અરૂણાબેન બાણગોરીયા, અનિતાબેન ચૌહાણ, ટાંક સાહેબ, શાંતિલાલ સહિતના કાયેકરો આ જન સેવાના હિતાર્થ કાર્ય જહેમત ઉઠાવેલ.

## શોભાયાત્રાનું રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૮



સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે ભગવાન જગન્નાથની શોભાયાત્રાનું અને ચારણીયા સમાજના શ્રી નાગબાઈ માની શોભાયાત્રાનું રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે ભવ્ય સ્વાગત કરાયું.

સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ ગોપાલભાઈ બોરાણા તથા રાજેશભાઈ બોરાણા તથા મહેશભાઈ ગોહિલ, રાજેન્દ્રભાઈ સોઢા, નિરવભાઈ વાણીયા, લક્ષ્મણભાઈ પરમાર, સુનિલભાઈ પેથાણી, મુન્નાભાઈ ભોજક, કમલેશભાઈ મછોયા, મેહુલભાઈ ગોહિલ, દિવ્યેશભાઈ ભોજક, જીતુભાઈ બોડા, રાકેશભાઈ વાળા, હિતેનભાઈ કેશુર, સુનિલભાઈ બોરાણા વગેરે રાવળ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા. તેમ જણાવ્યું છે.

# TRP ગેમઝોન અગ્નિકાંડના મૃતકના પરિવારે ગ્રાહક કોર્ટમાં રૂ.૨૦ લાખનો દાવો કર્યો

## કલેકટર, મ્યુ.કમિ., પોલીસ કમિ.ને પક્ષકાર તરીકે જોડ્યાઃ બનાવમાં નિરવ વેકરિયાનું મૃત્યુ થયેલું, પિતા રસિકભાઈએ વળતર માટે કોર્ટના દ્વાર ખખડાવ્યા



રાજકોટ, તા.૮

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના મૃતકના પરિવારે ગ્રાહક કોર્ટમાં ૨૦ લાખનો દાવો કર્યો છે. જેમાં કલેકટર, મ્યુ.કમિ., પોલીસ કમિ.ને પક્ષકાર તરીકે જોડ્યા છે. કોર્ટે રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો, મિલકતના માલિક, રાજકોટ કલેકટર, પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર એમ તમામ પક્ષકારને નોટિસ ફટકારી છે.

કન્ઝ્યુમર કાયદા હેઠળ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ (અધિક) સમક્ષ દાખલ કરવામાં આવેલ ફરિયાદની વિગત જોતા, સમગ્ર ગુજરાત અને દેશમા ચર્ચાસ્પદ બનેલ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ ૨૭ મૃતકો પૈકી દર્શન એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અને જાણીતા વેપારી અગ્રણી રસિકભાઈ વેકરીયાના પુત્ર નિરવના મૃત્યુ બદલ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી, તેના ભાગીદારો, મિલકતના માલિકો વિરુદ્ધ રસિકભાઈ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આયોગ દ્વારા તમામ પક્ષકારોને નોટીસ ફટકારવામાં આવી છે.

ફરિયાદીએ પોતાના પુત્ર નિરવ કે, જે દર્શન એન્જિનિયરિંગ કોલેજ ખાતે એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધ્યાને લઈ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો, મિલ્કતના માલિકો પાસેથી ૨૦ લાખના વળતરની માંગણી કરી છે.

ફરિયાદીએ કરેલ ફરિયાદના વર્ણનમાં નોંધવામાં આવ્યું છે કે, રેસ-વે એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી છે. આ પેઢી દ્વારા ટીઆરપી ગેમઝોનના નામથી ગેમ્સ, એમ્યુઝમેન્ટ, સ્પોર્ટસ અને રેસીંગ જેવી અનેકવિધ એક્ટિવિટી થઈ શકે તેવી પોતાની પ્રોડક્ટ વિવિધ પ્રકારે જાહેરાતના માધ્યમથી ઓફર કરેલ હતી. આવી ઓફરના પ્રલોભનથી મૃતક નિરવ, કે જે પેઢીના ગ્રાહકની વ્યાખ્યામાં આવે છે.

તેઓ તથા અન્ય ગ્રાહકો આકર્ષાયા હતા અને પેઢીએ નિયત કરેલ રકમ ચૂકવી પેઢીની પ્રોડક્ટ એટલે કે, ગેમઝોનમાં ટ્રેમ્પોલીન, આર્ટિફિશિયલ વોલ ક્લાઈમબીંગ, રેસીંગ, બોલીંગ, જમ્પીંગ વગેરે રમતગમત, એમ્યુઝમેન્ટ માણવા પ્રવેશ લીધો હતો.

તા.૨૫-૫-૨૪ ના રોજ ગેમઝોન ખાતે અચાનક આગ ફાટી નીકળતા ગેમઝોનમાં રમતગમત એમ્યુઝમેન્ટનો લાભ લઈ રહેલ નિરવ તથા અન્ય ગ્રાહકો ગેમઝોનમાંથી બહાર નીકળી શક્યા ન હતા અને અગ્નિજ્વાળાની લપેટમાં આવી અકાળે મૃત્યુ પામ્યા હતા. ફરિયાદમાં સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવેલ છે કે પેઢી દ્વારા પોતાના ગ્રાહકો માટે સુરક્ષા વિષયક બાબતો અન્વયે બેદરકારી દાખવવામાં આવેલ, અગ્નિશામક સાધનો ઉપલબ્ધ રાખવામાં આવેલ નહી.

ગ્રાહકો માટે કોઈપણ પ્રકારની વિમા સુરક્ષા પણ લેવામાં આવેલ નહી જેને પરિણામે પેઢીના ગ્રાહક એવા નિરવ વેકરીયાનું પેઢીના સ્થળે પેઢીની ખામીયુક્ત સેવા તથા બેદરકારીને કારણે મૃત્યુ થયેલ છે. તે સબબ પેઢીના ભાગીદારો, પેઢી જે સ્થળે ચાલતી હતી તે સ્થળના માલીકો મૃતક નિરવ વેકરીયાના પરિવારને ૨૦ લાખ રૂપિયા વળતર ચૂકવે તેવી દાદ આ ફરિયાદ તળે માંગવામાં આવી છે.

આ ફરિયાદને લગતું તમામ સાધનિક રેકર્ડ કે જે રાજકોટ કલેકટર કચેરી, પોલીસ કમિશનર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક હોય તે તમામ દસ્તાવેજી પુરાવાઓ આયોગ સમક્ષ (જુઓ.પાનું.૫)

**રાજકોટના પીપળીયામાં નકલી સ્કૂલને લઈને મોટો ખુલાસો**

# ૩૦૦૦ના પગાર પર સગીરાને શિક્ષિકા તરીકે નોકરી અપાઈ

### એક સગીર વયની શિક્ષિકા ધોરણ ૮ પાસ હતીઃ બીજી સગીરા ધોરણ ૧૦ નાપાસ હોવાનું ખૂલ્યું



રાજકોટ, તા.૮

રાજકોટના પીપળીયામાં નકલી સ્કૂલ મુદ્દે ખુલાસો થયો છે.જેમાં ૨ સગીરાઓ શિક્ષિકા તરીકે બજાવતી હતી ફરજ. શિક્ષણ વિભાગની તપાસમાં બોગસ શાળા ખાતે બે સગીર વયની બાળાઓ શિક્ષિકા બની હતી જેમને કાત્યાયની તિવારી દ્વારા પ્રતિ માસ ૩૦૦૦ રૂપિયાના પગાર પર રાખવામાં આવી હતી. એક સગીર વયની બાળા ધોરણ ૮ પાસ હતી તો અન્ય સગીર ધોરણ ૧૦માં બે વિષયમાં નાપાસ હતી.

બંને સગીરવયની બાળાઓ દ્વારા બોગસ સ્કુલ ખાતે વિધાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતો હતો.બોગસ શાળા ખાતે અભ્યાસ કરનારા વિધાર્થીઓના નામ રાજકોટની ત્રણ જેટલી ખાનગી શાળાઓમાં રજીસ્ટર કરવામાં આવ્યા હતા. આ વ તી કા લે મોટાભાગના બાળકોને પીપળીયા પ્રાથમિક સરકારી શાળામાં એડમિશન અપાવવામાં આવશે. નવીનનગર વિસ્તારમાં ૪ દુકાનોમાં સ્કૂલ ચાલતી હતી. કોઈપણ પ્રકારની શૈક્ષણિક માન્યતા વગર સ્કૂલ ચલાવતા તિવારી દંપતીને કુવાડવા પોલીસ મથકે લઇ જવાયું હતું.

શહેરની નજીક આવેલા માલીયાસણ પાસે આવેલા પીપળીયા ગામે કોઇપણ પ્રકારની શૈક્ષણિક માન્યતા વગર લાંબા સમયથી ગૌરી ઇંગ્લીશ સ્કૂલ ચાર દુકાનોમાં ચલાવવામાં આવતી હોવાની વિગતોનાં આધારે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની ટીમે સ્થળ ઉપર તપાસ કરી વિગતો મેળવતા વાલીઓ પાસેથી ફી ઉઘરાવી અહીં નકલી શાળા ચલાવવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો હતો. તપાસ દરમિયાન તિવારી દંપતી આ પ્રકારની સ્કૂલ ચલાવી રહ્યા હોવાનું બહાર આવતા શાળા સંચાલકોને કુવાડવા પોલીસ મથકે લઇ જવામાં આવ્યા હતા. વાલીઓનાં નિવેદનનાં આધારે પોલીસ ફરિયાદ નોંધવામાં આવનાર હોવાનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

રાજકોટ નજીક પીપળીયા ગામેથી મળી આવેલી ડમી શાળાની વિગતો આપતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, પીપળીયા ગામે નવીનનગર વિસ્તારમાં ચાલતી ગૌરી ઇંગ્લીશ સ્કૂલમાંથી જે વાલી લીવિંગ સર્ટીફીકેટ લેવા ગયા હતા. તેમને લીવિંગ સર્ટીફીકેટ કાઢી આપવાની ના પાડવામાં આવી હોવાની ફરિયાદનાં આધારે તાલુકા શિક્ષણાધિકારી વિમલ ગઢવીને આ મુદ્દે તપાસ સોંપવામાં આવી હતી. પીપળીયા ગામે નવીનનગર વિસ્તારમાં ચાર દુકાનોમાં ચાલતી ગૌરી ઇંગ્લીશ સ્કૂલ અંગે તપાસ કરવામાં આવતા. આ શાળાને કોઈપણ પ્રકારનાં શૈક્ષણિક બોર્ડની માન્યતા નહીં હોવાનું ખુલ્યું હતું.

# સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વરસાદે વિરામ લીધો

રાજકોટ, તા.૮

ગુજરાતમાં મેઘરાજાએ વિરામ લીધો હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૪૨ તાલુકામાં વરસાદ આવ્યો છે. આ સાથે જ માત્ર એક તાલુકા વાપીમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ૨૪ કલાકના વરસાદના આંકડા મુજબ વાપીમાં ૨૭ મીમી, જોટાણામાં ૨૪ મીમી, વિરમગામમાં ૧૬ મીમી, પારડીમાં ૧૩ મીમી, દેત્રોજ-રામપરામાં ૧૨ મીમી, ડાંગ અને મહેસાણામાં ૧૧-૧૧ મીમી, કપરાડા, ચોર્યાસી અને ઉમરપાડામાં ૧૦-૧૦ મીમી, માળિયા હાટિનામાં ૮ મીમી, સુરત શહેર, ઉમરગાંવ અને કડીમાં ૭-૭ મીમી, વલસાડ અને વિસનગરમાં ૬-૬ મીમી અને વડનગરમાં ૫ મીમી વરસાદ ખાબક્યો છે.ધરમપુર અને બેચરાજીમાં ૪-૪ મીમી, ઓલપાડ, બારડોલી, વઘઈ, પલસાણા, ઊંઝા, પાલનપુર અને માણસામાં ૩-૩ મીમી, જાફરાબાદ, ખેરગામ, ડેડિયાપાડા, કલોલ, ખેરાલુ, નિઝર, માંડલ અને સતલાસણામાં ૨-૨ મીમી જ્યારે ચીખલી, જલાલપોર, વાંસદા, કઠલાલ, ઉચ્છલ, સિદ્ધપુર અને કુકરમુંડામાં ૧-૧ મીમી વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન ૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.જેમાં માલપુરમાં ૧૧ મીમી, કામરેજમાં ૭ મીમી, જસદણ, ખેરગામ અને ધરમપુરમાં ૩-૩ મીમી, પાટણ, ઉંઝા, પલસાણા, બારડોલી, વાંસદા અને કપરાડામાં ૨-૨ મીમી, પારડી, વાપી અને ધનસુરામાં ૧-૧ મીમી વરસાદ નોંધાયો છે.



# સાગઠિયા પાસેથી જપ્ત કરાયેલા સોનાને લઈ ACBની તપાસ

### ACBએ ત્રણ નામાંકિત જવેલર્સની કરી પૂછપરછઃ વેપારીઓ પાસેથી બિલ વિના સોનાની ખરીદી કરીઃ દાગીનામાં રાજકોટના નામાંકિત ૩ જવેલર્સના માર્ક




રાજકોટ, તા.૩

રાજકોટમાં સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠિયા પાસેથી મળેલ સોનાને લઈ એસીબીએ તપાસ તેજ કરી છે. આજે રાજકોટ એસીબીએ સાગઠિયાએ જયાંથી સોનું ખરીદ્યું હતું તેવા ૩ જવેલર્સની એસીબીએ પૂછપરછ કરી છે. રાધિકા જવેલર્સના માલિક અશોકની પૂછપરછ, શિલ્પા જવેલર્સના માલિક પ્રભુદાસની પૂછપરછ, પ્રેમજી વાલજી જવેલર્સના માલિક હરેશની પૂછપરછ કરાઈ છે.

પોલીસની તપાસમાં વેપારીઓ એવું રટણ કરી રહ્યાં છે કે,મનસુખ સાગઠિયાએ અહીયાથી સોનું ખરીદ્યું નથી, તો એસીબીને શંકા છે કે,મોટા સોનાના વેપારીઓ પાસેથી મોટી સંખ્યામાં સાગઠિયાએ સોનું ખરીદ્યું છે તેને લઈ તપાસમાં ધમધમાટ ચાલે છે.

કોણે કોણે નાણાં સાગઠિયાને નાણે ચૂકવ્યા તેને લઈ સાગઠિયાનું મૌન છે.લાંચ આપનાર બિલ્ડરો અંગે ACB તપાસ કરશે કે નહી તે સવાલ છે. ભ્રષ્ટાચારી વહીવટ સામે બિલ્ડર એસોસિએશનું ભેદી મૌન છે. જ્યાંથી સોનાની ખરીદી કરી તેની પણ તપાસ જરૂરી છે.વેપારીઓ પાસેથી બિલ વિના સોનાની ખરીદી કરી છે. સોની વેપારીઓની સાંગગાંઠ પણ આવી શકે છે.વેપારીઓએ ટેક્સથી બચવા બિલ વિના સોનું આપ્યું હોવાની શકયતા છે.

આવકથી વધુ સંપત્તિના કેસમાં ACBએ રાજકોટ મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા કોર્ટમાં રજૂ કર્યા હતાં, જ્યાં સરકારી વકીલની દલીલો સાંભળી કોર્ટે મનસુખ સાગઠિયાના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આવકથી વધુ સંપત્તિના કેસમાં મનસુખ સાગઠિયાના રિમાન્ડ માટે સરકારી વકીલે દલીલ કરી હતી કે સાગઠિયા તેના પગારની પુરેપુરી રકમ બચાવે તો પણ તેની પાસે મળેલી રકમ ભેગી કરી શકે નહીં. સાગઠિયાના બેંક એકાઉન્ટની તપાસ હજી બાકી છે, જે તેની (જુઓ.પાનું.૫)

# મનસુખ સાગઠીયાના ભાઈને ગાંધીનગરની સીટીપીઓ કચેરીમાંથી હટાવતી સરકાર

રાજકોટ, તા.૮

રાજકોટ ગેમઝોનના અગ્નિકાંડમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના કરતૂતો હવે તેમના અધિકારી ભાઈને પણ બચાવી શકે તેમ નથી. સરકારે મોડે મોડે શંકાના દાયરામાં રાખીને કેડી સાગઠીયાને ચીફ ટાઉન પ્લાનિંગ કચેરીમાંથી દુર કર્યા છે.

મનસુખ સાગઠીયા સામે એન્ટી કરપ્શન બ્યુરોની તપાસ ચાલી રહી છે. રાજકોટના મહાભ્રષ્ટ અધિકારી અને પૂર્વ ટીપીઓ મનસુખ ડી. સાગઠીયાએ કાળી કમાણી કરીને કરોડો રૂપિયાની મિલકતો વસાવી છે. તેમને સીટીપી ઓફિસમાં એડિશનલ ચીફ ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા તેમના ભાઈ કેડી સાગઠીયાનો કઈ-કઈ ફાઈલમાં ઉપયોગ કર્યો છે તેની તપાસ થઈ શકે છે. હાલ તો કેડી સાગઠીયાને સીટીપી માંથી ઉઠાવીને જીઆઈડીબીમાં મૂકવામાં આવ્યા છે અને તેમનો હવાલો બીજા અધિકારીઓને સોંપી દેવામાં આવ્યો છે.

મનસુખ સાગઠીયાના ભાઈ કેડી સાગઠીયા ગાંધીનગરની ચીફ ટાઉન પ્લાનિંગની કચેરીમાં લાંબા સમયથી ફરજ બજાવે છે. તેમને સરકારે સૌરાષ્ટ્ર વિસ્તારનો હવાલો સોંપ્યો હતો. મનસુખ સાગઠીયાની તપાસનો રેલો હવે તેમના ભાઇ સુધી પહોંચી રહ્યો છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ તેમની અને તેમની મિલકતોની તપાસ કરી શકે છે. બીજીતરફ સરકાર ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરીના ઓર્ડર પણ કરી શકે છે.




# MBBS માં ફી વધારો પરત નહીં ખેંચાય તો આંદોલન થશેઃ NSUI

### ફી વધારો પરત ખેંચવા મુખ્યમંત્રીને રજૂઆત



રાજકોટ, તા.૮

રાજકોટ સહિત રાજ્યભરમાં GMERS કોલેજોમાં તબિબ બનવા માટેની ફીમાં અસહ્ય વધારો કરવામાં આવતા મેડિકલના વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ફી વધારો પાછો ખેંચવા માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ આજ રોજ ગુજરાત પ્રદેશ NSUI દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને લેખિત રજુઆત કરી એક સપ્તાહમાં ફી વધારો પરત ખેંચવા માંગ કરી છે અન્યથા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામા આવી છે. NSUIનો આક્ષેપ છે કે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ ડોક્ટર ન બની શકે તે માટે આ નિર્ણય કરવામાં આવી રહ્યો છે ગત વર્ષે આ મુજબ પરિપત્ર લરાયો હતો જેનો વિરોધ થતા ચૂંટણીનું વર્ષ હોવાથી ફી વધારો પરત ખેંચી દેવાયો હતો ત્યારે આ વખતે પણ પરિપત્ર રદ કરવા માંગ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગવર્મેન્ટ ક્વોટામાં ૬૬ % તો મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં ૮૮ %નો વધારો કરવામાં આવતા ઠેર ઠેર વિરોધ જોવા મળી રહ્યો છે.

ગુજરાત પ્રદેશ NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, GMERS કોલેજમાં થયેલ અસહ્ય ફી વધારાને કારણે મધ્યમ વર્ગના વિધ્યાર્થીઓ માટે MBBSનો અભ્યાસ કરવા માટે વિધ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અત્યાર સુધી જે ગવર્મેન્ટ કોટાની ફી ૩.૩૦ લાખ હતી તે વધારીને ૫.૫૦ લાખ અને મેનેજમેન્ટ કોટાની ફી ૯.૦૦ લાખ હતી તે વધારીને રૂપિયા ૧૭ લાખ કરી છે. જે મધ્યમ વર્ગ અને ગરીબો માટે ભરવી અશક્ય છે. આ વર્ષે NEETની પરીક્ષામાં થયેલ ગેરરીતિઓને કારણે કટ ઓફ ઘણું ઊચું ગયું છે એનો ન્યાય હજુ સુધી વિધ્યાર્થીઓને મળ્યો નથી ત્યાં આ ફી વધારો જખમ પર નમકનું કામ કરે છે. આજના સમયમાં ડોકટરોની માંગ વધી છે ત્યારે સરકાર સરકારી સીટ વધારવાની જગ્યાએ ફી વધારીને એવું સાબિત કરવા માંગે છે કે ડોક્ટર બનવાનો હક ગરીબો કે મધ્યમ વર્ગ માટે નથી પરંતુ અમીરો માટે જ છે.

ઉલ્લેખનીય છે કે આગામી સમયની અંદર સરકાર દ્વારા જો આ પરિપત્ર રદ કરી ફી વધારો પરત ખેંચવામાં નહિ આવે તો આગામી સમયમાં ગુજરાત NSUI દ્વારા તમામ ૧૩ GMERS કોલેજ ખાતે ઉગ્ર વિરોધ કરી વિદ્યાર્થીઓ અને વાલીઓના ન્યાય માટે લડત ચલાવવામાં આવશે.




SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.